P.07
'પરિણીતા' ફિલ્મ રી રીલીઝ પ્રીમિયર પર, વિદ્યા બાલન ખુબ ખીલી

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૧૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 19 • Dt.21-08-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07
'ભારત માતા કી જય' બોલવા પર ટ્રોલ થયેલી જહાન્વી કપૂરની પ્રતિક્રિયા

અફઘાનિસ્તાનમાં ભીષણ માર્ગ અકસ્માત । બસ સળગી જતાં ૧૭ બાળક સહિત ૭૧ લોકોના મોત

07

21 AUGUST- 2025 THURSDAY

07

યુક્રેન ટ્રમ્પ સાથે ૧૦૦ અબજ ડોલરના હથિયારોની ખરીદીની ડીલ કરવા તૈયાર

ગણેશ ઉત્સવ ૨૦૨૫ : રૂ. ૨૦ કરોડના વેપારની શક્યતા

પીઓપી બાબતે લોકોમાં જાગૃતિ આવતા હવે માટીની મૂર્તિનું વેચાણ ઘણુ વધ્યું । માટીની મૂર્તિ પીઓપીની સરખામણીએ મોંઘી હોવા છતાં લોકો હવે માટીની મૂર્તિ ખરીદવાનું વધુ પસંદ કરી રહ્યાં છે । વડોદરામાં મૂર્તિઓનું વેચાણ કરતી સૌથી વધુ દુકાનો કલામંદિરના ખાંચામાં આવેલી છે, જ્યાં ૫૦ જેટલી દુકાનોમાં સૌથી વધુ માટીના શ્રીજીની મૂર્તિનું વેચાણ થાય છે

વડોદરામાં ૯૦,૦૦૦ શ્રીજીની મૂર્તિઓના વેચાણનો અંદાજ

મૂર્તિના વેપાર સાથે સંકળાયેલા વેપારીઓએ જણાવ્યું હતું કે, આ વર્ષે માટીની મૂર્તિના ભાવમાં ખાસ કોઈ વધારો થયો નથી । નાની મૂર્તિના ભાવમાં સામાન્ય ૧૦૦ થી ૨૦૦ રૂપિયાનો વધારો નોંધાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૦ ।

ગણેશોત્સવને આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યાં છે, ત્યારે શહેરના વિવિધ વિસ્તારમાં શ્રીજીની મૂર્તિનું વેચાણ કરતી દુકાનો અને પંડાલમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. વડોદરાના વેપારીઓએ આ વર્ષે ૨૦૦થી વધુ દુકાનો અને પંડાલમાં ૯૦ હજારથી વધુ મૂર્તિઓનું વેચાણ થવાની આશા વ્યક્ત કરી હતી, જેમાં અંદાજે ૨૦ હજાર મૂર્તિઓ વડોદરા શહેરમાં જ વેચાશે અને તેના કારણે મૂર્તિનો કુલ કારોબાર ૨૦ કરોડને આંબી જશે.પીઓપી બાબતે લોકોમાં જાગૃતિ આવતા હવે માટીની મૂર્તિનું વેચાણ ઘણુ વધ્યું છે. માટીની મૂર્તિ પીઓપીની સરખામણીએ મોંઘી હોવા છતાં લોકો હવે માટીની મૂર્તિ ખરીદવાનું વધુ પસંદ કરી રહ્યાં છે. વડોદરામાં મૂર્તિઓનું વેચાણ કરતી સૌથી વધુ દુકાનો કલામંદિરના ખાંચામાં આવેલી છે, જ્યાં ૫૦ જેટલી દુકાનોમાં સૌથી વધુ માટીના શ્રીજીની મૂર્તિનું વેચાણ થાય છે. જ્યારે પીઓપીની મોટી મૂર્તિઓનું સૌથી વધુ વેચાણ છાણી કેનાલ રોડ પર બનેલા ૩૦થી વધુ પંડાલમાં થાય છે.મૂર્તિના વેપાર સાથે સંકળાયેલા વેપારીઓએ જણાવ્યું હતું કે, આ વર્ષે માટીની મૂર્તિના ભાવમાં ખાસ કોઈ વધારો થયો નથી. નાની મૂર્તિના ભાવમાં સામાન્ય ૧૦૦ થી ૨૦૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. વડોદરામાં માટીના શ્રીજીની મૂર્તિઓ મુંબઈથી આવે છે અને અત્યાર સુધીમાં મુંબઈથી શ્રીજીની મૂર્તિ લઈને ૭૦થી વધુ ટ્રક વડોદરામાં આવી ચૂકી છે.વડોદરામાં પણ શ્રીજીની મૂર્તિઓ મોટી સંખ્યામાં બને છે.

મુંબઈથી શ્રીજીની મૂર્તિ લઇને ૭૦થી વધુ ટ્રક વડોદરામાં આવી ચૂકી છે

ધનીયાવી ખાતે ૨૫થી ૩૦ કારખાનામાં શ્રીજીની મૂર્તિઓ તૈયાર થાય છે. શહેરના વિવિધ વિસ્તારમાં પણ હાલ શ્રીજીની મૂર્તિના વેચાણ માટે દુકાનો ખુલી ગઈ છે અને પંડાલો પણ બની ગયા છે. એવામાં હવે મૂર્તિની ખરીદી માટે જતા લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે વડોદરા તેમજ અન્ય જિલ્લાના લોકો વડોદરામાંથી નાની-મોટી ૯૦ હજારથી વધુ મૂર્તિઓની ખરીદી કરે તેવી સંભાવના છે. છાણી ખાતે મૂર્તિના પંડાલ ધરાવતા વેપારીએ જણાવ્યું હતું કે, અહીં નવ ફૂટ સુધીની પીઓપીની મૂર્તિઓને હાલ અંતિમ ઓપ અપાઈ રહ્યો છે.

ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો

અમરેલી જિલ્લાનો દરિયો બન્યો તોફાની : સાત માછીમારો ગુમ અને ૧૮નું રેસ્ક્યુ

ભારે પવન અને કરંટને કારણે દરિયામાં ઊંચા મોજા ઉછળી રહ્યા છે, જેના પરિણામે જાનહાનિનો ખતરો વધ્યો

। પ્રતિનિધિ, અમરેલી, તા.૨૦ ।

ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગની આગાહી બાદ અમરેલી જિલ્લાના જાફરાબાદ અને પીપાવાવ બંદરનો દરિયો તોફાની બન્યો છે. ભારે પવન અને કરંટને કારણે દરિયામાં ઊંચા મોજા ઉછળી રહ્યા છે, જેના પરિણામે જાનહાનિનો ખતરો વધ્યો છે.મળતી માહિતી મુજબ, જાફરાબાદની બે અને ગીર સોમનાથની એક બોટ દરિયામાં ડૂબી જતાં ૭ જેટલા માછીમારો ગુમ થયા છે. આ ઘટના બાદ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં અત્યાર સુધીમાં ૧૮ માછીમારોને સુરક્ષિત બચાવી લેવાયા છે. જોકે, હજુ પણ ૬૦ થી ૭૦ જેટલી બોટ દરિયામાં હોવાથી માછીમારોની સલામતી અંગે ચિંતા વધી છે.તંત્ર દ્વારા ગુમ થયેલા માછીમારોને શોધવા માટે મોટા પાયે શોધખોળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. દરિયાની વર્તમાન ખરાબ સ્થિતિને જોતા જાફરાબાદ બંદર પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. માછીમારો અને સ્થાનિકોને દરિયાથી દૂર રહેવા માટે સૂચના આપવામાં આવી છે.અમરેલીનો દરિયો બન્યો તોફાનીઃ ૭ માછીમારો ગુમ, ૧૮નું રેસ્ક્યુ, જાફરાબાદ બંદર પર ૩ નંબરનું સિગ્નલ ૪ - વધુ માહિતી અને અપડેટ્સ મેળવવા માટે તંત્ર સાથે સતત સંપર્કમાં રહેવું જરૂરી છે. આ ઘટના અંગેની વધુ વિગતો અને ગુમ થયેલા માછીમારો વિશેની માહિતી મેળવવાની કામગીરી ચાલી રહી છે.

વીજળીના બિલને કરો 0

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર

25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ
- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

ચમારડી નજીક બાઈક સ્લિપ થઈ જતાં યુવકનું મોત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૦ ।

ચમારડી મહેન્દ્રપુરમ રોડ વચ્ચે આજે વહેલી સવારે બાઈક સ્લિપ થઈ જવાથી યુવકનું મોત નિપ જ્યું છે. બનાવ અંગે વલ્લભીપુર પ ોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. વલ્લભીપુર ખાતે રહેતા અને ભાવનગરમાં એક ખાનગી ટ્રાવેલ્સમાં ડ્રાઈવર તરીકેની નોકરી કરતા મુસ્તુફાભાઈ જમાલભાઈ મંમાણી આજે વહેલી સવારે ચારેક વાગ્યાના અરસામાં જીજે-૦૪-બીએમ-૩૩૧૩ લઈને વલ્લભીપ ુરથી ભાવનગર નોકરી જવા માટે નિકળ્યા હતા. તે દરમિયાન સવારે પાંચ કલાકના અરસામાં ચમારડી ગામ નજીક ચમારડી મહેન્દ્રપુરમ્ રોડ વચ્ચે તેમની બાઈક સ્લિપ થઈ જતાં મુસ્તુફાભાઈને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

વડોદરામાં દુષ્કર્મ કેસમાં સંડોવાયેલા આરોપીને ૨૦ વર્ષની સજા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૦ ।

સગીર કિશોરીને લગ્નની લાલચ આપી તેનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના બનાવમાં સંડોવાયેલા આરોપીને કસુરદાર ઠેરવી અદાલતે આરોપીને ૨૦ વર્ષની સજા તેમજ રૂા.૫૦ હજારનો દંડ ફટકારી આરોપી જો દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ માસની સજાનો આદેશ કર્યો હતો.કેસની વિગત એવી છે કે, અજય અલ્પેશભાઈ તડવી (રહે. જગમાલનીપોળ, વડોદરા) નામનો શખ્સ તા.૮ એપ્રિલ ૨૦૨૧ના રોજ સગીર કિશોરીને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. આ બનાવ અંગે ભોગ બનનારી સગીર કિશોરીની નાનીએ સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ તેમજ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદીની દીકરીની સગીર દીકરી તેમની સાથે રહેતી હતી અને તેને લગ્નની લાલચ આપી આરોપી ભગાડી ગયો હતો.

વસ્ત્રાલમાં જાહેરમાં મોબાઇલમાં કોલ સેન્ટર ચલાવતા એકની ધરપકડ, ત્રણ ફરાર

અમેરિકાના નાગરિકોને લોનની લાલચ આપીને ડોલર પડાવતું કોલ સેન્ટર પકડાયું

મોબાઇલમાં પાંચ એપ્લીકેશન ઇન્સ્ટોલ કરીને અમેરિકન સહિત વિદેશી નાગરિકો સાથે ઠગાઇ કરતા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

વસ્ત્રાલમાં જાહેરે રોડ ઉપર બેસીને અમેરિકા સહિત વિદેશી નાગરિકોને ઓછા વ્યાજે પર્સનલ લોન આપવાની લાલચ આપ ીને રૂપિયા પડાવતું હતું હરતું ફરતું કોલ સેન્ટર પોલીસે પકડી પાડયુ છે. મોબાઈલ ફોનમાં અલગ અગલ એપ્લીકેશન ઈન્સ્ટોલ કરીને વિદેશી નાગરિકોને ફોન કરીને ફાઈનાન્સ કંપનીમાંથી બોલીએ છીએ, ઓછા વ્યાજદરે પર્સનલ લોન આપવાની લાલચ આપતા હતા અને પ્રોસેસિંગ ફીના પેટે ૫૦થી ૨૦૦ ડોલર પડાવતા હતા. તેમજ વોલમાર્ટમાંથી લોનનું કાર્ડ મળી જશે કહીને ઠગાઈ કરતા હતા. આ બનાવ અંગે રામોલ પોલીસે ચાર આરોપી સામે ગુનો નોધીને એક આરોપીની ધરપકડ વધુ તપાસ હાથ ધરી છે.ગેરકાયદે ડેટા લીડ મેળવીને મોબાઈલમાં પાંચ એપ્લીકેશન ઈન્સ્ટોલ કરીને અમેરિકન સહિત વિદેશી નાગરિકો સાથે ઠગાઈ કરતારામોલ પોલીસ પેટ્રોલિંગમાંહતી ત્યારે ચોક્કસ બાતમી આધારે વસ્ત્રાલમાં મહાવેદનગર પાસે દુર્ગાપ ાર્ક સોસાયટીના નાકે એક યુવક મોબાઈલમાં અલગ અલગ એપ્લીકેશનનો ઉપયોગ કરીને પ્રોફેશનલ કોલર અને ક્લોઝર બનીને વિદેશી નાગરિકોને લોન આપવાના બહાને છેતરે છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવીને યુવકને ઝડપીને તેનો મોબાઈલ

ફોન ચેક કરતા તેના ત્રણ મિત્રો સાથે મળીને જાહેરમાં કોલ સેન્ટર ચલાવતા હતા જ્યારે મોબાઈલ ફોનમાં અલગ અલગ પાંચથી વધુ એપ્લીકેશનો ઈન્સ્ટોલ કરીને અમેરિકાના સહિત વિદેશી નાગરિકોને ઓછા વ્યાજે લોન આપવાની લાલચ આપીને પ્રોસેસ ફી પેટે ૫૦૦ જેટલા ડોલરમાં રૂપિયા પડાવતો હતા તેમજ વોલમાર્ટમાંથી લોનનું કાર્ડ મળી રહેશે તેમ કહીને કોલ કાપી નાંખતા હતા. વસ્ત્રાલમાં જાહેરે રોડ ઉપર બેસીને અમેરિકા સહિત વિદેશી નાગરિકોને ઓછા વ્યાજે પર્સનલ લોન આપવાની લાલચ આપીને રૂપિયા પડાવતું હતું હરતું ફરતું કોલ સેન્ટર પોલીસે પકડી પાડયુ છે. મોબાઈલ ફોનમાં અલગ અગલ એપ્લીકેશન ઈન્સ્ટોલ કરીને વિદેશી નાગરિકોને ફોન કરીને ફાઈનાન્સ કંપનીમાંથી બોલીએ છીએ, ઓછા વ્યાજદરે પર્સનલ લોન આપવાની લાલચ આપતા હતા અને પ્રોસેસિંગ ફીના પેટે ૫૦થી ૨૦૦ ડોલર પડાવતા હતા. તેમજ વોલમાર્ટમાંથી લોનનું કાર્ડ મળી જશે કહીને ઠગાઈ કરતા હતા.

જામનગરમાં ચાર સગીરનું ૧૦ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૦ ।

જામનગરમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જ્યાં બેડી વિસ્તારમાં એક ૧૦ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું. ઘટના સામે આવતી પોલીસે જાતે ફરિયાદી બની આ કેસમાં અન્ય ચાર સગીર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, જામનગરના બેડેશ્વર વિસ્તારમાં રહેતા દસ વર્ષના બાળક સાથે ૮ જુલાઈએ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું. આ બાળક સાથે ફરતા ચાર સગીરે તેને એક મકાનમાં બોલાવ્યો અને ત્યાં તેની સાથે આ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું અને તેનો વીડિયો પણ ઉતાર્યો હતો. આ વીડિયો હરતો ફરતો બાળકની માતા પાસે પહોંચ્યો હતો, અને બાળકની માતાએ આ મામલે તેના પુત્ર સાથે વાત કર્યા પછી જામનગરના સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં આવીને જાણ કરી હતી. જોકે માતા-પિતા દ્વારા જ્ઞાતિના આગેવાનો સાથે ચર્ચા થયા બાદ સમાધાન કરી લેવાયું હતું અને આ મામલે કોઈ ફરિયાદ દાખલ કરવાનો ઈનકાર કર્યો હતો. જો કે, પોલીસે આ મામલાની ગંભીરતાને ધ્યાને લઈ ચાઈલ્ડ વેલ્ફેર કમિટીને જાણ કરી હતી. બાદમાં આ કમિટીએ ભોગ બનનાર બાળક અને તેની માતાનું એકથી વધુ વખત કાઉન્સેલિંગ કરાવ્યું હતું.

વિરમગામમાં ખાનગી મેળામાં સેલંબો રાઈડ તૂટતા ૨ યુવક ઇજાગ્રસ્ત

। પ્રતિનિધિ, વિરમગામ, તા.૨૦ ।

નવસારી બાદ વિરમગામમાં મેળામાં દર્ઘટના સર્જાઈ છે. શહેરમાં શેઠ એમ જે હાઈસ્કૂલના પટાંગણમાં સોમવારે રાત્રિના ખાનગી લોક મેળામાં સિલમ્બો રાઈડ તૂટતા બે યુવાનો ઈજાગ્રસ્ત બન્યા હતા. ઘટનાને પગલે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.વિરમગામ શહેરમાં સિધ્ધનાથ મહાદેવના પરિસરમાં, શેઠ એમ જે હાઈસ્કૂલના મેદાનમાં અને કેશવલાલ હરપાલ જીનમાં ખાનગી આયોજકો દ્વારા લોક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી તંત્ર દ્વારા ૧૫ ઓગસ્ટ સાતમનીથી નિયમોને આધીન ૧૫થી ૨૩ તારીખ સુધી મેળાની પરવાનગી આપવામાં આવી હતી. દરમિયાન શેઠ એમ જે હાઈસ્કૂલના પટાંગણમાં આયોજીત મેળામાં સોમવારે રાત્રિના ખાનગી મેળામાં સિલમ્બો રાઈડની એક્સેલ તૂટતા બે યુવાનો ઈજાગ્રસ્ત બન્યા હતા. જેમાં રાઈડમાં સમીલ ૨૦ વર્ષીય યુવાન વિનીત રાવળેને પગ માથાને પેટના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ રાઈડ તૂટવાની ઘટનામાં ઈજાગ્રસ્ત યુવાનને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્યાંથી પ્રાથમિક સારવાર આપી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.આ ઘટના બાદ નાયબ કલેક્ટર દ્વારા ૧૫થી ૨૩ સુધી આપવામાં આવેલા ત્રણ ખાનગી લોક મેળાની પરવાનો બીજો કોઈ હુકમ ન થાય ત્યાં સુધી તાત્કાલિક ધોરણે પરવાનો સ્થગિત કરવાનો લેખિત હુકમ કરવામાં આવેલ છે.

વડોદરા કોર્પોરેશનના ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા ખાણી પીણીની દુકાનોમાં ચેકિંગ

। પ્રતિનિધિ, સુરત, તા.૧૯ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોરાક શાખાના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા શહેરના જુદાજુદા વિસ્તારોમાં ખાણીપીણીની ૮ દુકાનો પર ઈન્સપેક્શન કરીને દૂધ, ઘી, તેલ, ખમણ અને ઢોકળાના ૧૦ નમુના તપાસવા માટે લીધા હતા.કોઠી ચાર રસ્તા પર આવેલ શ્રી ગોવર્ધન ડેરીમાંથી ગાયનું દૂધ અને ઘીનો નમૂનો લીધો હતો. માંજલપુર વિસ્તારમાં સોહમ ડેરીમાંથી દૂધનો નમુનો લીધો હતો. ખોડીયાર નગર વિસ્તારમાં-અંબીકા ખમણની દુકાનમાં જઈ ચણાદાળનો નમૂનો લીધો હતો. સરદાર એસ્ટેટની પ ાછળ તન્ના બેકરીમાં ચેકિંગ કરી માખણીયા બીસ્કીટનો નમૂનો લીધો હતો. સરદાર એસ્ટેટની પાછળ રેસ્ટોરન્ટ-અલીફ હોસ્પિટાલીટી, ઝેપ્ટો, વાસણા જકાતનાકા પર નટ્સ એન્ડ ડીલાઈટમાં ઈન્સપ ેક્શનની કામગીરી કરી હતી. અહીંથી જીરૂ(આખુ)નો નમુનો લીધો હતો. નીઝામપુરા જલારામ લસ્સી સેન્ટર એન્ડ ખમણ હાઉસમાં ચેકિંગ કરીને સીંગતેલ, પ્રીપેડ ખમણ, મસાલા અને ઢોકળાના નમૂના લીધા હતા. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોરાક શાખાના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા શહેરના જુદાજુદા વિસ્તારોમાં ખાણીપીણીની ૮ દુકાનો પર ઈન્સપેક્શન કરીને દૂધ, ઘી, તેલ, ખમણ અને ઢોકળાના ૧૦ નમુના તપાસવા માટે લીધા હતા.કોઠી ચાર રસ્તા પર આવેલ શ્રી ગોવર્ધન ડેરીમાંથી ગાયનું દૂધ અને ઘીનો નમૂનો લીધો હતો.

જામનગર શહેર-જિલ્લામાં જુગારના નવ દરોડા

ગુજરાતના જામનગર શહેર-જિલ્લામાં શ્રાવણીયો જુગાર રમતા ૧૨ મહિલા સહિત પર ઝડપાયા

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૦ ।

શ્રાવણ મહિનો પુરો થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે છતાં પણ જુગારીઓએ જુગાર રમવાનું ચાલું રાખ્યું છે. ત્યારે જામનગર શહેર-જિલ્લામાં જુગારના નવ દરોડા પડી કુલ ૧૨ મહિલા સહિત ૫૨ જુગારીઓને ઝડપી પાડ્યાં હતા.જામનગરમાં ખાખીનગર માધવવોટર વાળી ગલીમાં જાહેરમાં જુગાર રમી રહેલાં નગાભાઈ ખીમાભાઈ નંદાણીયા, રાણાભાઈ પરબતભાઈ જાદવ, માલદેભાઈ પરબતભાઈ ગાગીયા, નારણભાઈ કરશનભાઈ નંદણીયા, અનીલભાઈ પ્રેમજીભાઈ પરમાર, રાજુભાઈ પરબતભાઈ, ભીમશીભાઈ મેરામણભાઈ લગારીયા નામના સાત જુગારીઓને રંગેહાથ ઝડપી લઈ

તેઓના કબ્જામાંથી રૂા.૩૩૫૦૦ ની રોકડ રકમ જપ્ત કરી છે.

શહેરના સાંઢિયા પુલ પાસે અયોધ્યાનગર શેરી નં.૭માં જાહેરમાં જુગાર રમી રહેલાં સુનીલ પુનાભાઈ શીંગળ, મંજુબેન રામભાઈ ગોજીયા, હેતલબેન ઉર્ફે શીતલ ઉતમભાઈ કરમુર, મોહિનીબેન નરેન્દ્રભાઈ શીંગળ, વિષ્ણુબા નવલસિંહ જાડેજા, પુરીબેન હરીશભાઈ ઓડીચ નામના પાંચ મહિલા સહિત છ શખ્સોને રૂા.૧૨૪૦૦ ની રોકડ સાથે ઝડપી પ ાડ્યાં હતા.આ ઉપરાંત ગોકુલનગર, અયોધ્યાનગરમાં જ ક્રિષ્ના સ્કૂલની બાજુમાં જુગાર રમી રહેલાં રામદે ભીમશીભાઈ નંદાણીયા, સાંજણભાઈ ભીમશીભાઈ બેરા, રસીલાબેન દિપ કભાઈ ભટ, સોનલબેન રામશીભાઈ કંડોરીયા, દુધીબેન કારાભાઈ ગોજીયા, જાનાબેન ઉર્ફે જશૂબેન ગોવિંદભાઈ લગારીયા, વર્ષાબેન વજેગરભાઈ ગોસાઈ, ક્રિષ્નાબા રામદેવસિંહ ઝાલા, રશ્મીબેન સુનીલભાઈ શીંગળ નામના સાત મહિલા સહિત નવ જુગારીઓને રૂા.૧૫૨૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા. જ્યારે ગોકુલનગર, મયુરનગર શેરી નં.૩માં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં પાના ટીંચી રેહલાં પ્રતીકભાઈ દીનેશભાઈ વાલવા, નિલેશભાઈ મોહનભાઈ આગલ, હીતેશભાઈ ભીખુભાઈ ધાયાણી, રોહીતભાઈ હરદાસભાઈ સોલંકી નામના ચાર પંટરોને રૂા.૧૨૧૫૦ ની રોકડ સાથે ઉઠાવી લીધા હતા.

એક કંપની સાથે જેલ પ્રશાસને એમઓયુ સાઈન કર્યા છે

રાજકોટ જેલમાં ચાલતા અનેક ઉદ્યોગ । ૬૮ કેદી બન્યાં રત્નકલાકાર, જેલનું ટર્નઓવર ૨.૭૦ કરોડ

રાજકોટની સેન્ટ્રલ જેલમાં હીરા ઉદ્યોગ ધમધમી રહ્યો છે, જ્યાં ૬૮ કેદીઓ દરરોજ ૬૦૦ જેટલા હીરા ઘસે છે

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૦ ।

રાજકોટની સેન્ટ્રલ જેલમાં હીરા ઉદ્યોગ ધમધમી રહ્યો છે, જ્યાં ૬૮ કેદીઓ દરરોજ ૬૦૦ જેટલા હીરા ઘસે છે. આ હીરાઓનું મૂલ્ય કેટલું હોય છે તેની તો ખુદ કેદીઓ કે જેલ પ્રશાસનને પણ ખબર હોતી નથી પરંતુ અંદાજ છે કે આ રીતે જેલમાં વર્ષે લાખો રૂપિયાનો હીરા ઉદ્યોગ ચાલે છે, જેનાં થકી કેદીઓ બીજા બધા કામ કરતા સૌથી વધુ વેતન પ્રાપ્ત કરી રહ્યાં છે.દાતાઓની મદદથી એકાદ વર્ષ પહેલાં રાજકોટ સેન્ટ્રલ જેલમાં હીરા ઉદ્યોગ શરૂ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં કેદીઓને હીરા ઘસવાની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ થકી હવે ૬૮ કેદીઓ 'હીરાઘસુ' એટલે કે 'રત્નકલાકાર' તરીકે તબદીલ થઈ ચૂક્યા છે.

એક કંપની સાથે જેલ પ્રશાસને એમઓયુ સાઈન કર્યા છે. એ કંપની દ્વારા હવે જેલમાં રફ હીરા ઘસવા માટે મોકલવામાં આવે છે. કંપનીનો એક માણસ દરરોજ સવારે રફ હીરા લઈ જેલમાં આવે છે. આ માણસની ઉપસ્થિતિમાં જ કેદીઓ રફ હીરાને ઘસી તેનું મૂલ્ય વધારે છે. સાંજે હીરા ઘસાઈ ગયા બાદ કંપનીનો માણસ તેને લઈ રવાના થઈ જાય છે.

જો કે રાજકોટ સેન્ટ્રલ જેલમાં આ સિવાયનાં બીજા અડધો ડઝન ઉદ્યોગ પણ ચાલી રહ્યા છે. જેનું ટર્ન ઓવર મોટા કારખાનાં કે મધ્યમ કક્ષાની કંપની કરતા ઓછું નથી. જેલમાં ૨૫ કેદીઓ વણાટ કામ કરે છે, જેમાં દરી એટલે કે શેતરંજી, કેદીઓને ઓઢવા માટેના ધાબળા, રંગીન શેતરંજી, જનતા એટલે કે કોટન કાપડ, સરકારી કચેરીઓમાં રેકોર્ડનાં 'પોટલાં' બાંધવા માટેનું સુપર ડુંગરી કાપડ બનાવવામાં આવે છે. આ તમામ કાપડનું વેચાણ મુખ્યત્વે સરકારી કચેરીઓમાં થાય છે.

૧૮ કેદીઓ સુથારી કામ કરી નાનું ફર્નિચર બનાવે છે. મોટું ફર્નિચર બનાવવા માટે એક કારખાના સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. તમામ પ્રકારનું ફર્નિચર આ કારખાના દ્વારા બનાવી જેલ પ્રશાસનને આપવામાં આવે છે, જેનું જેલ પ્રશાસન સરકારી કચેરીઓમાં વેચાણ કરે છે. લાકડા ખરીદવાની સમસ્યા ઉભી થતી હોવાથી કેદીઓ હવે મોટું ફર્નિચર બનાવતા નથી. તેને બદલે એક કંપની પાસે મોટું ફર્નિચર બનાવડાવવામાં આવે છે.

૧૧ કેદીઓ દરજી કામ વિભાગમાં પોલીસના યુનિફોર્મ, સાથે ચણીયા ચોળી સહિતનાં કપડાં સીવે છે. બેકરી વિભાગમાં કામ કરતા ૧૫ કેદીઓ જુદા-જુદા ફરસાણ અને અડદીયા, ખજૂર પાક ઉપરાંત ચુરમાના લાડુ બનાવે છે. ઈસ્ત્રી વિભાગમાં ૧ કેદી કામ કરે છે. આ તમામ ઉદ્યોગોનું વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના નાણાકીય વર્ષમાં રૂ. ૨.૬૯ કરોડ જેવી માતબર રકમનું ટર્નઓવર રહ્યું હતું. કોર્પોરેટ વર્લ્ડની જેમ રાજ્યની જેલોને નિશ્ચિત 'ટાર્ગેટ' આપવામાં આવે છે. સૌથી વધુ ટર્ન ઓવર બેકરી વિભાગનું રૂ.૧.૩૫ કરોડનું છે. આ તમામ ઉદ્યોગો સાથે સંકળાયેલા કેદીઓને વર્ષ ૨૦૨૪-૨૫માં એકંદરે રૂ. ૪૬.૬૩ લાખનું વેતન ચૂકવવામાં આવ્યું હતું.

સી.એમ. પરમાર, ઈન્ચાર્જ ફેક્ટરી મેનેજરના જણાવ્યા અનુસાર, 'રાજકોટ સેન્ટ્રલ જેલનાં કેદીઓ દર વર્ષે જે ટાર્ગેટ અપાય છે તેને હાંસલ કરે છે. દર વર્ષે નવા-નવા ટાર્ગેટ આપવામાં આવે છે. એક સમયે જેલના ઉદ્યોગોનું ટર્નઓવર રૂા.૫૦ લાખ આસપાસ હતું જે હવે રૂા. ૨.૫૦ કરોડને પણ આંબી ગયું છે. છેલ્લા ત્રણ વર્ષથી ટાર્ગેટ પૂરા થઈ રહ્યા છે.'સુધીર ગોપલાણી, સિનિયર ક્લાર્કના જણાવ્યા અનુસાર, 'રાજ્યની સુરત અને ત્યારબાદ ભાવનગર જેલમાં હીરા ઉદ્યોગ શરૂ કરવામાં આવ્યો હતો.

મંજૂરી મેળવવા દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ થઈ

વડોદરા કોર્પોરેશન ગૌ છાણમાંથી પ્રતિમાઓ સહિતની ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરી નાગરિકોને રાહત દરે વેચાણ કરશે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૦ ।

તહેવારોમાં પીઓપીની પ્રતિમાઓના ઉપયોગથી પર્યાવરણને થતું નુકસાન અટકાવવા અને ધાર્મિક આસ્થા જળવાઈ રહે તે માટે કોર્પોરેશન ગૌ છાણમાંથી પ્રતિમાઓ સહિતની ચીજ વસ્તુઓ બનાવી વેચાણ કરી રોજગારી ઊભી કરવા સાથે સમાજને પ્રાકૃતિક જીવન પદ્ધતિ તરફ દોરી જવા અનોખો પ્રયાસ કરાશે. જે અંગેની મંજૂરી મેળવવા દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ થઈ છે. કોર્પોરેશન હસ્તકના ઢોર ડબ્બા ખાતે મોટી માત્રામાં ગાયના ગોબરનો જથ્થો નિયમિત ઉદ્ભવે છે. તેનું મૂલ્યવર્ધન કરીને સ્થાનિક રોજગારી સાથે સંસ્કારી નગરીના લોકોને ઈકો ફ્રેન્ડલી ચીજ વસ્તુઓ આપી સમાજને પ્રાકૃતિક જીવન પદ્ધતિ તરફ દોરી જવા અનોખો પ્રયાસ કરાશે.

ગાયના પંચગવ્યમાંથી ગોમય ગણેશોત્સવ, કામધેનુ દિપાવલી અભિયાન, ગોપાષ્ટમી ઉત્સવ, ગાય આધારિત કિચન ગાર્ડન વર્કશોપ, પંચગવ્યના નિઃશુલ્ક પ્રશિક્ષણ વર્ગ થકી સમાજને કેમિકલ મુક્ત ઉત્પાદનો મળવા સાથે ગૌમાતા સાથે પ્રત્યક્ષ/પરોક્ષ રીતે જોડાવા આ અનોખી પહેલનો ઉદ્દેશ્ય છે. યુસીએલ પ્રોજેક્ટ હેઠળની સખી મંડળની બહેનો, સંસ્થા, મૂર્તિકાર સહિતના લોકોને ગોબર ક્રાફ્ટની તાલીમ મારફતે સ્વરોજગારી મળે તે માટે વિના મૂલ્યે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાશે.

અમદાવાદમાં હત્યા કર્યા બાદ જેલમાંથી ફરાર કેદી સાત મહિના બાદ સ્કૂટર ચોરીના કેસમાં પોલીસના હાથે પકડાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદના હત્યા કેસમાં જેલમાંથી ફરાર થયેલા કેદીને વડોદરા પોલીસે વાહનચોરીના કેસમાં એક સાગરીત સાથે ઝડપી પાડ્યો છે.ન્યુ વીઆઈપી રોડ પર સાધુ વાસવાની સ્કૂલ પાસેથી પોલીસે સ્કુટર ઉપર જતા વિજય ઉર્ફે વીકી સુરેશભાઈ દંતાણી (રહે-સાધુ વાસવાણી સ્કૂલ પાછળ ન્યુ વીઆઈપી રોડ તેમજ ચંડોળા તળાવ પાસે ઈસનપુર અમદાવાદ) તેમજ કરણ કૌશિકભાઈ સોલંકી (સંતોષીનગર ન્યુ વીઆઈપી રોડ)ને ઝડપી પાડ્યા હતા.પોલીસની પૂછપરછ તપાસ દરમિયાન બંને પાસેથી રોકડા રૂ.૨૬,૨૦૦ મળી આવ્યા હતા. જે રકમ એમણે સાત દિવસ પહેલા જુના પાદરા રોડની એક ટ્રસ્ટની ઓફિસમાંથી ચોરી કર્યાની હોવાની કબુલાત કરી હતી. આવી જ રીતે તેમની પાસેનું સ્કૂટર પણ ૧૫ દિવસ પહેલા એલએન્ડટી સર્કલ પાસે ચોરી કર્યાની વિગતો બહાર આવી હતી.

પોલીસે વધુ પૂછપરછ કરતા વિજય વર્ષ ૨૦૨૧ માં ચંડોળા તળાવ ખાતે થયેલી હત્યાનો આરોપી હોવાની અને સાત મહિના પહેલા દસ દિવસ માટે વચગાળાના જામીન પર છુટ્યા બાદ ફરાર થઈ ગયો હોવાથી વિગતો બહાર આવી હતી.

અમદાવાદમાં સેવન્થ ડે સ્કૂલમાં ધો.૧૦ના વિદ્યાર્થીની હત્યા, ધો.૮ ના વિદ્યાર્થીનો ચપ્પુથી હુમલો

। પ્રતિનિધિ, જામનગર તા.૨૦ ।

અમદાવાદમાં મંગળવારે (૧૯ ઓગસ્ટ) ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં અભ્યાસ કરતા ૧૦માં ધોરણના વિદ્યાર્થી પર ચપ્પુથી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક ૧૫ વર્ષીય વિદ્યાર્થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો, જેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, અમદાવાદમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય ૭-૮ વિદ્યાર્થીઓ સાથે મળીને ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર હુમલો કરીને તેને ચપ્પુ મારી દીધું હતું. વાત એમ છે કે, હુમલો કરનાર વિદ્યાર્થી અને પીડિત વિદ્યાર્થીનો થોડા દિવસ પહેલાં ધક્કામુક્કીના મામલે ઝઘડો થયો હતો.

આ ઝઘડાની અદાવત રાખી આરોપી વિદ્યાર્થીએ શાળાથી છૂટ્યા બાદ ૭-૮ વિદ્યાર્થીને ભેગા કરી બદલો લેવા માટે ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર ચપ્પાનો વાર કર્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થી લોહીલુહાણ થઈ ગયો અને બાદમાં તેને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જો કે, સારવાર દરમિયાન હવે વિદ્યાર્થીનું મોત નિપજ્યું છે.સમગ્ર ઘટનાની જાણ થતા ખોખરા પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આ મામલે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે આ મામલે સીસીટીવી ફૂટેજ ચેક કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેર ડીઈઓ રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, સ્કૂલ દ્વારા અમને બનાવ અંગે જાણ કરવામાં આવી નથી. જેથી અમે સ્કૂલને નોટિસ ફટકારી રૂબરૂ હાજર રહી રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. અમદાવાદમાં મંગળવારે (૧૯ ઓગસ્ટ) ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં અભ્યાસ કરતા ૧૦માં ધોરણના વિદ્યાર્થી પર ચપ્પુથી હુમલો કરવામાં આવ્યો હતો.

તંત્રી લેખ..

જોબ માર્કેટ પર દબાણ

કોરોના વાયરસના કારણે માત્ર ભારતમાં જ નહીં બલ્કે સમગ્ર દુનિયામાં દરેક ક્ષેત્રમાં ભીષણ મંદી આવી આવી ગઇ છે. ઉદ્યોગોની કમર તુટી ગઇ છે. લાંબા સમય સુધી લોકડાઉન રહ્યા બાદ આ પ્રકારની સ્થિતી સર્જાઇ ગઇ છે. એવા સમયમાં જોબ માર્કેટમાં દબાણ વધી રહ્યુ છે. રિપોર્ટ મુજબ લાખો કરોડો લોકોની નોકરી જતી રહી છે. આગામી દિવસો નોકરી કરનાર લોકો માટે વધારે ખતરનાક રહી શકે છે. જો કે નિષ્ણાંતો એ ક બાબત તો ચોક્કસ કહે છે કે એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઇન્ટરવ્યુ અને ઇન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઇએ. વર્તમાન કંપનીમાં સ્વેચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઇએ.

બોસને રાજી કરવાના તરીકા શુ છે

નોકરી કરનાર દરેક વ્યક્તિ આ બાબત તો નિખાલસ રીતે સ્વીકાર કરે છે કે બોસની સાથ સારી ટ્યુનિંગ જળવાઇ રહે તે જરૂરી હોય છે. આના માટે દરેક કર્મચારી અલગ અલગ તરીકા અજમાવે છે. જો કે કેટલાક તરીકા એવા હોય છે દરેક પ્રકારના બોસને પ્રભાવિત કરે છે. આ તરીકા અજમાવીને કર્મચારીઓ બોસને ખુશ રાખી શકે છે. આના કારણે કર્મચારીને તેની કેરિયર બનાવવામાં ખુબ મદદ મળે છે. બોસને કેટલાક તરીકા અજમાવીને ખુશ રાખી શકાય છે. આજે આ લેખમાં અમે આ વિષય પર વાત કરી રહ્યા છીએ. પોતાના મેનેજરને સમજી લેવાની જરૂર હોય છે. દરેક મેનેજર જુદા જુદા હોય છે. જેથી કામને હેન્ડલ કરવાના તેમના તરીકા પણ જુદા જુદા હોય છે. સૌથી પહેલા તો મેનેજરની કામની પેટર્નને સમજી લેવાની જરૂર હોય છે. આના કારણે તેમના દ્વારા આપને આપવામાં આવેલા ગોલ્સને પૂર્ણ કરવામાં મદદ મળી શકે છે. જ્યારે આવુ થશે ત્યારે ગોલ્સને હાંસલ કરવામાં તમે પણ મહેનત સાથે આગળ વધી શકો છો. કોમ્યુનિકેશન કોઇ પણ સંબંધને મજબુત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. બોસ સાથે પણ કોમ્યુનિકેશન જાળવી રાખવા માટેની બાબત જરૂરી હોય છે. ગોલ્સ અને ટાર્ગેટને લઇને તેમને હમેંશા માહિતીગાર કરવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે બોસને આપની પ્રોગ્રેસ અંગે માહિતી મળતી રહે છે. આવી સ્થિતીમાં જો તમે કોઇ મુશ્કેલીમાં ફસાઇ જાવો છો ત્યારે આપના બોસને મદદ કરવામાં મદદ મળે છે. નાની નાની બાબતોને લઇને બસને પરેશાન કરવાની કોઇ જરૂર નથી. બોસ આપની મદદ માટે હમેંશા તૈયાર રહે છે પરંતુ નાની નાની બાબતોને લઇને બોસને હેરાન કરવાની બાબત મુશ્કેલીમાં મુકનાર તરીકે હોય છે. પોતાના લેવલ પર જ તમામ સમસ્યા અને અડચણોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. જો તમને લાગે કે આ બાબતો આગળ ચાલીને તમને હેરાન કરશે અને મોટા ઇશ્યુ તરીકે રહેશે તો આવી સ્થિતીમાં બોસ સાથે વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. જો તમને કોઇ જવાબદારી સોંપવામાં આવી છે તો તેને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવે તે જરૂરીછે. આનાથી ભાગવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. કોઇ બહાના કરવાના પ્રયાસ પણ કરવા જોઇએ નહીં. તે બોસ પર ખરાબ અસર કરે છે. બોસની સામે ખરાબ છાપના કારણે તે આપને મુશ્કેલીમાં મુકી શકે છે. પોતાના કામને વહેલી તકે પૂર્ણ કરીને પોતાનુ ૧૦૦ ટકા યોગદાન આપવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત એવુ બને છે કે કોઇ મુદ્દા પર બસ આપની સલાહ મેળવે છે. આવી સ્થિતીમાં જો આપને કામ સાથે સંબંધિત માહિતી છે તો તે ઉપયોગી સાબિત થઇ શકે છે.

જુદા જુદા કારણોસર સતત ખેતીના ક્ષેત્રમાં ઘટાડો જારી છે

વરસાદ વગર પણ સતત જમીનો ઘણા સમય સુધી વેરાન પડી રહે છે આજે માનવી સભ્યતા માટે બિનફળદ્રુપ પાક જમીન એક ખુબ મોટી સમસ્યા બની ચુકી છે આંકડા મુજબ દુનિયામાં ૨૩ ટકા ભૌગોલિક ક્ષેત્ર મરુસ્થળીકરણના સકંજામાં આવી ગયા છે

ભવિષ્યમાં ભીષણ અનાજ સંકટ રહેશે

ભૂક્ષરણની પ્રક્રિયા રોકેટગતિથી વધી રહી છે : બંજર જમીન પર બહાર લાવવાની બાબત મોદી સરકાર માટે બિલકુલ સરળ નથી

બિન ઉપજાઉ જમીન પર બહાર લાવવાની બાબત આજે સૌથી મોટા પડકાર તરીકે છે. આજે દેશમાં જ્યારે ભોજન અને પાણી માનવીના મુળભુત અધિકારોમાં માનીને આને સામાન્ય લોકો સુધી પહોંચાડી દેવા માટેની બાબત પણ કાયદાકીય અડચણો બની ચુકી છે. આવી સ્થિતીમાં અનાજ ઉત્પાદનને લઇને ઉભરતા પડકારોને પહોંચી વળવા માટે સંઘર્ષ હવે સરકારની નૈતિક મજબુરી પણ બની ગઇ છે. દુનિયાભરમાં તમામ દેશોમાં જળ, વન્યના બિનજરૂરી આડેધડ ઉપયોગ અને વન્ય વિસ્તારોના નાશ કરવામાં આવી રહ્યા છે. આના કારણે જટિલ સમસ્યા ઉભી થઇ રહી છે. જેથી જમીન બિન ઉપજાઉ અને બિન કૃષિ લાયક બની રહી છે.

આ જ કારણસર વરસાદ વગર પણ સતત જમીનો ઘણા સમય સુધી વેરાન પડી રહે છે. આજે માનવી સભ્યતા માટે બિનફળદ્રુપ પાક જમીન એક ખુબ મોટી સમસ્યા બની ચુકી છે. આંકડા મુજબ દુનિયામાં ૨૩ ટકા ભૌગોલિક ક્ષેત્ર મરુસ્થળીકરણના સકંજામાં આવી ગયા છે. કેન્દ્ર સરકારના હાલના બંજર જમીનને આબાદ કરવાના નિર્ણયને વિશ્વભરમાં આવકાર મળ્યો છે. જો કે આ બાબત ખુબ મોટા પડકાર તરીકે છે. બીજી બાજુ વિશ્વમાં ઝડપથી મરુસ્થળીકરણના કારણે વર્ષ ૨૦૫૦ સુધી દુનિયાની આશરે ૭૦ કરોડ વસ્તીને પલાયન કરવાની ફરજ પડી શકે છે. આ રિપોર્ટના કારણે માનવ સમાજમાં ખળભળાટ મચી ગયો છે. મુલ્યાંકન અને અભ્યાસ કહે છે કે ભૂમિ બિન કૃષિઉપયોગી હોવાના કારણે સતત ખેતીના ક્ષેત્રમાં ઘટાડો થઇ રહ્યો છે. સાથે સાથે ભૂક્ષરણનુ પ્રમાણ વધી રહ્યુ છે. જેથી નજીકના ભવિષ્યમાં અનાજ સંકટ ઘેરાઇ જવાના સંકેત દેખાઇ રહ્યા છે.

ભવિષ્યમાં ભીષણ અનાજ સંકટના વાદળો ઘેરાશે તેવા દાવા કરવામાં આવી રહ્યા છે જેથી સંબંધિત વિભાગો અને નિષ્ણાંતો કામે લાગી ગયા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઇને સપ્ટેમ્બરમાં પૂર્ણ થયેલા સંયુક્ત રાષ્ટ્રના એક કાર્યક્રમમાં ભારતે સ્પષ્ટતા કરી હતી તે તે બંજર જમીનને ખેતીલાયક બનાવી દેવા માટે સંયુક્ત રાષ્ટ્ર કરારની સાથે સમજુતી પણ કરનાર છે. ખાસ બાબત એ છે કે આ સમારોહમાં સામેલ થયેલા ૧૯૬ દેશો અને યુરોપિયન સંઘના આશરે આઠ હાર પ્રતિનિધીઓ દ્વારા જળવાયુ પરિવર્તન અને જૈવ વિવિધતા તેમજ વધતા જતા રણ વિસ્તારના મામલે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. આ તમામ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવાના મામલે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ તમામ મામલે ભારતના વલણની વિશ્વભરમાં આજે પ્રશંસા થઇ રહી છે. એટલે કે એંકદરે ભારતની ચિંતા અને સક્રિયતા અન્ય દેશો માટે ખુબ મહત્વ રાખે છે. દુનિયાભરના દેશોમાં આજે ઝડપી શહેરીકરણના કારણે જટિલ સમસ્યા આવી રહી છે. વન્ય વિસ્તારો ઘટી રહ્યા છે. વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. જળ જંગલ કાપવામાં આવી રહ્યા છે. ભારતની ચિંતા આ બાબતના કારણે વધારે મહત્વ રાખે છે કે દેશમાં કુલ જમીન પૈકી ૩૦ ટકા જમીન આજે મરુસ્થળી જમીન બની ચુકી છે. આના માટે પાણીની તકલીફ અને અન્ય કારણો પણ છે. જમીન જો બિન કૃષિલાયક બને છે તો તેના કારણે જળવાયુ પરિવર્તનને પ્રભાવિત કરે છે. આના કારણે ખાદ્ય પુરવઠાથી લઇને આરોગ્ય સુધી તમામ બાબતો પર અસર થાય છે. જેથી આનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારને નક્કર પગલા લેવા પડશે. એક અન્ય રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૦૭માં દુનિયાની આશરે ૪૦ ટકા કૃષિ યોગ્ય જમીન સ્તરગંભીર રીતે ઘટી જતા સમસ્યા સર્જાઇ ગઇ હતી. આમાંથી મોટા ભાગની ઉર્વર જમીન એવા આદિવાસી વિસ્તારોમાં છે જ્યાંની જમીન રસાયણિક ખાતરોના પ્રયોગથી દુર રહી છે. એક આફ્રિકાની રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જો આફ્રિકામાં માટીના સ્તરમાં ઘટાડાનો દોર જારી રહેશે તો તે મહાદ્વિપ હવે ૨૦૨૫ સુધી પોતાની વસ્તીના માત્ર ૨૫ ટકા વસ્તીને જ ભોજન પ્રદાન કરવામાં સક્ષમ રહેશે. ઉલ્લેખનીય છે કે આદિવાસી બહુમતિ વાળા વિસ્તારોમાં આફ્રિકામાં કોર્પોરેટ જગતના લોકો ઘુસણખોરી કરી રહ્યા છે. તેમની ખેતીની જમીનમાં અડચણોના કારણે સમસ્યા આવી રહી છે. ભારતની સ્થિતી પણ સાનુકુળ તો બિલકુલ દેખાઇ રહી નથી. અનાજ ઉત્પાદનને લઇને કેટલાક પડકારો સપાટી પર આવી રહ્યા છે. ભારતની સરકારોએ આદિવાસી વસ્તીમાં ત્યાંની જમીનનો પોતાની ઇચ્છા મુજબ ઉપયોગ કર્યો છે. જેથી પડકારો સતત વધી રહ્યા છે.

ગંગાનુ નામ સાંભળતાની સાથે જ મનમાં પવિત્રતા વધી જાય છે...

ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે

મંદિર કરતા ગંગાની સફાઇ જરૂરી છે

જે લોકોએ ગંગાની કથા સાંભળી છે તેના માટે તો ગંગા દેવી કરતા ઓછી નથી : માતા તો ગંગા એમ પણ છે : સદીઓથી તે પેઢીઓની સેવા કરે છે

ગંગાનુ નામ સાંભળતાની સાથે જ અમારા તમામના દિલમાં એક પવિત્રતાની વાત આવી જાય છે. પવિત્રતાની ભાવના વધી જાય છે. પવિત્રતાની ભાવના વધે તે સ્વાભાવિક પણ છે. કારણ કે જે લોકોએ પણ ગંગાની કથા સાંભળી છે તેમના માટે તો ગંગા દેવી સમાન છે. માતા તો ગંગા પહેલાથી જ તમામની છે. માતાને લઇને તો કોઇ શંકા નથી. કારણ કે અમારી કેટલી પેઢીઓની સેવા ગંગા દ્વારા કરવામાં આવી છે. તેના વગર ભારતની કલ્પના કરવી પણ યોગ્ય નથી. કારણ કે ભારતનો જન્મ જ તેના કારણે થયો છે. ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત. યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત. આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે. પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે. થેમ્સના કિનારે ઇંગ્લેન્ડ પાટનગર છે. આવી જ રીતે ભારત માટે ગંગા અને યમુના છે. થેમ્સને જોતા હેરાનગતિ થાય છે. કારણ કે તેના કિનારે મોટા મોટા જજાહો જોવા મળે છે. તે એક ભરપુર ભરાયેલી નદી તરીકે દેખાય છે. તેને જોઇને મનમાં આવે છે કે તે ભવિષ્યમાં પણ અનેક પેઢીઓની સેવા કરનાર છે. પરંતુ ગંગા અને યમુના સાથે એવી નથી. તેમની સ્થિતીને જોઇ શકાય છે. ગરમીની સિઝનમાં યમુનાને તો ઓળખી પણ શકાય નહી. તે નદીથી એક ગંગા નાળામાં ફેરવાઇ જાય છે. તેમના અંગે વર્ષો પહેલા અભિનેતા રાજકપુરે યોગ્ય કહ્યુહતુ કે ગંગા પાપીઓના પાપ ધોતા ધોતા મેલી થઇ ગઇ છે. આજે મેલી ગંગાની હાલત ખુબ જ ખરાબ છે. આ બાબતથી ગંગાના કિનારે રહેનાર લોકો પણ વાકેફ છે. કમનસીબ બાબત એ છે કે ગંગા મેલી થઇ હોવા છતાં તેને સાફ કરવા તરફ કોઇ ગંભીર પ્રયાસ કરવામાં આવી રહ્યા નથી. જેના મન ગંગાની જેમ પવિત્ર છે તે લોકો જ જ આને સાફ કરી શકશે. મનમાં ખામી અને વેર ઝેર રાખીને તેને કોઇ સાફ કરી શકશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીથી ચૂંટણી લડી હતી. જેથી સ્વાભાવિક રીતે માનવામા ંઆવી રહ્યુ હતુકે તેઓ ગંગાની સફાઇની વાત કરશે અને મોદીએ કરી પણ હતી. મોદીએ કહ્યુ હતુ કે માતાએ તેમને બોલાવ્યા છે. તેઓ ગંગાને સાફ કરીને જ ઝંપશે. વારાણસીના લોકોને એ વખતે જ પુછી લેવાની જરૂર હતી કે સાફ તો કરશો પરંતુ કઇ રીતે કરાશે. મોદીએ ગંગાને સાફ કરવા માટે નમામિ ગંગે નામના પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ તો પહેલાથી જ દમ તોડવાના કિનારે છે. કેગના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પહેલા ચાર વર્ષોમાં તે પ્રોજેક્ટ માટે નવિયત ૨૦ હજાર કરોડ પૈકી માત્ર પાંચ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરી શકાયો હતો. જ્યારે રાષ્ટ્રના વડાપ્રધાન મોદી દ્વીરા કરવામાં આવેલા વચન છતાં તેને સ્વચ્છ કરવામાં આવી નથી તો કોઇ અન્યની પાસે આશા કઇ રીતે રાખી શકાય છે. શુ ગંગાને કોઇ સમય સાફ કરી શકાશે નહીં. જ્યારે દેશમાં આઠ આઠ લેનના માર્ગો બની શકે છે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા બની શકે છે અને બુલેટ ટ્રેન ચલાવવા માટેની તૈયારી થઇ શકે છે તો ગંગાને કેમ સાફ કરી શકાય નહી. ગંગા સ્વચ્છ થઇ શકે છે પરંતુ આ કામ કોઇ રાજકીય પાર્ટી કરશે તેને લઇને શંકા છે. મજબુત રાજકીય ઇચ્છાશક્તિ અને રાજકીય પક્ષપાતથી ઉપર ઉઠીને આ પ્રક્રિયા હાથ ધરી શકાય છે. ગંગાની સફાઇ એ વખતે જ શક્ય છે જ્યારે તે ભારતીય જનતા માટે એક ભાવનાશીલ મુદ્દો બને. જનતા પાસેથી ક્યા ક્યા કામ માટે સેસ લેવામાં આવતા નથી. ગંગાની સફાઇના મુદ્દા પર તમામ એનજીઓ એક સાથે આવી શકે છે. જનતા સેસ આપી શકે છે. અહીં સુધી કે લોકો પૈસા દાન કરીને મોટા ફંડની રચના કરી શકે છે. મોટા ભાગના લોકો માને છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ આ કામને સૌથી વધારે અસરકારક રીતે પૂર્ણ કરી શકે છે. કારણ કે તેમની ઇચ્છાશક્તિ તીવ્ર રહે છે. તેમના કેટલાક પ્રોજેક્ટ ખુબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવી ચુક્યા છે. ગંગા સફાઇને પણ પણ પ્રાથમિકતાના આધાર પર પૂર્ણ કરવામાં આવી શકે છે. ઇચ્છાશક્તિ સૌથી ઉપયોગી છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે જે રીતે હિન્દુ સંગઠનો અને સંસ્થાઓ આગળ આવી રહી છે તેવી જ રીતે આ મામલે પણ તમામ લોકો આગળ આવે તે જરૂરી છે. રામ મંદિરના મામલે જે રીતે લોકોની ઇચ્છાશક્તિ રહે છે તેવી ઇચ્છાશક્તિ આમાં જરૂરી છે.

હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સરની તકલીફનો ખતરો રનિંગથી ૩૦ ટકા સુધી ઘટી જાય છે : કોઇ પણ પ્રકારની રનિંગથી ફાયદો થાય છે

રનિંગ આરોગ્યની સાથે સાથે લાંબી વય માટે પણ ખુબ ફાયદાકારક હોય છે. પરંતુ આના માટે જરૂરી નથી કે દરરોજ દોડ લગાવવામાં આવે. અથવા તો તેના માટે દરરોજ વોકિંગ કરવાની બાબત પણ જરૂરી નથી. સપ્તાહમાં એક દિવસ ૫૦ મિનિટ અથવા તો તેનાથી ઓછા સમય માટે દોડ લગાવનાર વ્યક્તિ પણ સ્વસ્થ રહી શકે છે. એકંદરે દોડ લગાવવાની કોઇ પણ પદ્ધિત માનવીના આરોગ્ય માટે લાભકારક સાબિત થાય છે. આ માનવીના વહેલી તકે મોતના જોખમને પણ ટાળી દેવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. રિપોર્ટ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શારરિક ગતિવિધીમાં ઘટાડો થવાના કારણે દર વર્ષે ૩૨ લાખ લોકોના મોત થઇ જાય છે. આ એવા લોકો હોય છે જે ઓફિસમાં બેસીને મોટા ભાગના કામ કરતા રહે છે. તેમના આરોગ્ય પર સૌથી વધારે માઠી અસર થાય છે. અભ્યાસમાં દાવો કરવામા ંઆવ્યો છે કે દરરોજ દોડ લગાવનાર લોકો, સપ્તાહમાં કોઇ એક દિવસ દોડ લગાવનાર લોકો અને બિલકુલ દોડ નહીં લગાવનાર લોકોને આવરી લઇને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ શોધ કરતી વેળા ૨૫૯૫૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમની શારરિક ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. જે લોકો દોડ લગાવે છે તે લોકોને પણ આમાં સામેલ કરવામા આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે રનિંગ કરનાર લોકો શારરિક ગતિવિધી નહીં કરનાર લોકોની સરખામણીમાં આરોગ્યમાં ખુબ શાનદાર રહ્યાહતા. તેમનામાં વહેલી તકે મોતનો ખતરો પણ ઓછો રહ્યો છે. દોડ લગાવનાર લોકોમાં વહેલી તકે મોતનો આંકડો ૨૭ ટકા ઓછો રહ્યો હતો. હાર્ટ સંબંધિત સમસ્યાઓનો ખતરો પણ ૩૦ ટકા ઓછો રહ્યો છે. કેન્સર સંબંધિત બિમારીનો ખતરો પણ ૨૩ ટકા સુધી ઓછો રહ્યો છે. બે લાખ કરતા વધારે લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. શોધ બ્રિટીશ જર્નલ ઓફ સ્પોર્ટસમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા તમામ લોકોની વય ૩૫થી ૫૫ વર્ષની વચ્ચે આંકવામાં આવી હતી. કેટલાક નિષ્ણાંતો તો કહે છે કે જો દોડવામાં ન આવે તો ચાલીને પણ કામ ચલાવી શકાય છે. દરરોજ વોકિંગ પણ અસરકારક સાબિત થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઇપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઇ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઇકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.

Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

હિમાચલ પ્રદેશના ચંબામાં એક કલાકમાં બે ભૂકંપ

। મુંબઈ, તા.૧૮ ।

એક પછી એક આભ ફાટ્યાની ઘટના બાદ હવે હિમાચલ પ્રદેશના ચંબા વિસ્તારમાં એક પછી એક બે વખત ભૂકંપ આવ્યા છે. પહેલા લગભગ સાડા ત્રણ વાગ્યાના સુમારે એક હળવો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો ત્યારે આજે સવારે ૪:૩૯ વાગ્યે હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં રિક્ટર સ્કેલ પર ૪.૦ ની તીવ્રતાનો ભૂકંપ નોંધવામાં આવ્યો હતો. તે જ સમયે પાકિસ્તાનમાં પણ ૩.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જોકે, બંને સ્થળોએથી અત્યાર સુધી કોઈ પણ પ્રકારના નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી.હિમાચલ પ્રદેશના ચંબામાં પણ સવારે ૩.૨૭ વાગ્યે ભૂકંપ નોંધાયો હતો. તેનું કેન્દ્ર જમીનથી ૨૦ કિલોમીટર નીચે હતું. આ ભૂકંપ એવા સમયે નોંધાઈ રહ્યા છે જ્યારે હિમાચલ પ્રદેશના વિવિધ ભાગોમાં વાદળ ફાટવાની ઘટનાઓ નોંધાઈ રહી છે. આવી ઘટનાઓ અગાઉ ધરાલી અને હર્ષિલમાં અને હવે કુલ્લુમાં પણ નોંધાઈ છે, જેના કારણે વહીવટીતંત્રની ચિંતા વધી ગઈ છે.અગાઉ સોમવારે રાત્રે હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાં ધરતી ધ્રુજી ઉઠી હતી. રાત્રે ૯:૨૮ વાગ્યે ધર્મશાલા શહેર નજીક ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર ધર્મશાલાથી ૨૩ કિલોમીટર દૂર હતું. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે તેનો અક્ષાંશ ૩૨.૨૩ ઉત્તર અને રેખાંશ ૭૬.૩૮ પૂર્વ હતો. આ ભૂકંપની ઊંડાઈ ૧૦ કિલોમીટર નોંધાઈ હતી.

વહેલી સવારે મળેલા ઈ-મેઇલથી શાળા વહીવટીતંત્ર, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ગભરાટ ફેલાયો

૫૦ થી વધુ સ્કૂલોને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીથી દિલ્હીમાં ફફડાટ । તંત્ર દોડતું થયું

ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું । જોકે, હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ નથી મળી અને તપાસ હજુ શરૂ

। નવી દિલ્હી, તા.૨૦ ।

રાજધાની દિલ્હીમાં શાળાઓને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓના કિસ્સાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. બુધવારે (૨૦ ઓગસ્ટ) સવારે, દિલ્હીની ૫૦થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાડી ધમકીના ઈ-મેઈલ મળતાં ચકચાર મચી ગઈ હતી. વહેલી સવારે મળેલા આ ઈ-મેઈલથી શાળા વહીવટીતંત્ર, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ગભરાટ ફેલાયો છે. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે, હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ નથી મળી અને તપાસ હજુ શરૂ છે. માહિતી માહિતી મુજબ, સવારે ૭:૪૦ અને ૭:૪૨ વાગ્યે, નજફગઢ, માલવિયા નગરમાં જીદ્ધફ હૌજ રાની અને કરોલ બાગમાં પ્રસાદ નગરમાં આંધ્ર સ્કૂલમાં ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા હતા. દિલ્હી

ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, સ્થાનિક પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને અન્ય એજન્સીઓ તુરંત સક્રિય થઈ ગઈ અને શાળામાં સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. માહિતી અનુસાર, ૫૦ થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે.

નોંધનીય છે કે, દિલ્હીમાં શાળાઓને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીનો આ પહેલો કિસ્સો નથી. તાજેતરના મહિનાઓમાં, ખાસ કરીને મે અને જુલાઈ ૨૦૨૫માં, દિલ્હીની ડઝનબંધ શાળાઓને આવા ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા હતા, જે પાછળથી નકલી સાબિત થયા હતા. થોડા સમય પહેલાં પણ દિલ્હીની ૩૫થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાડી ધમકીઓ મળી હતી. જોકે, આ ધમકીઓ પણ નકલી હોવાનું સામે આવ્યું હતું.

ધમકી મળતાની સાથે જ દિલ્હી પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ફાયર વિભાગની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. શાળાઓ ખાલી કરાવવામાં આવી અને વિદ્યાર્થીઓને સલામત સ્થળોએ લઈ જવામાં આવ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે સાયબર ફોરેન્સિક ટીમ ઈમેલના આઈપી એડ્રેસને ટ્રેસ કરવા માટે કામ કરી રહી છે.

રાજધાની દિલ્હીમાં શાળાઓને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓના કિસ્સાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. બુધવારે (૨૦ ઓગસ્ટ) સવારે, દિલ્હીની ૫૦થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાડી ધમકીના ઈ-મેઈલ મળતાં ચકચાર મચી ગઈ હતી. વહેલી સવારે મળેલા આ ઈ-મેઈલથી શાળા વહીવટીતંત્ર, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ગભરાટ ફેલાયો છે.

દિલ્હી સીએમ રેખા ગુપ્તાને ૩૫ વર્ષીય વ્યક્તિએ લાફો માર્યો

। નવી દિલ્હી, તા.૨૦ ।

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર મુખ્યમંત્રી નિવાસસ્થાને હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હુમલો થયો ત્યારે અહીં જાહેર સુનાવણી ચાલી રહી હતી. મીડિયા રિપોર્ટ્સ મુજબ, રેખા ગુપ્તાને થપ્પડ મારવામાં આવી છે.દિલ્હી ભાજપે ઠ પોસ્ટમાં કહ્યું- એક ૩૫ વર્ષીય વ્યક્તિએ હુમલો કર્યો છે. તે જાહેર સુનાવણી માટે આવ્યો હતો. તેના હાથમાં એક કાગળ પણ હતો. પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો છે.દિલ્હી ભાજપના પ્રવક્તા પ્રવીણ શંકર કપૂરે જણાવ્યું હતું કે- એક ૩૫ વર્ષીય વ્યક્તિ જાહેર સુનાવણીમાં આવ્યો હતો. તેણે મુખ્યમંત્રીને કેટલાક દસ્તાવેજો આપ્યા હતા. આ પછી, થોડી બોલાચાલી થઈ હતી. તેણે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ કોઈ પાર્ટીનું કામ હોઈ શકે છે.બુધવારે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે તેઓ તેમના નિવાસસ્થાને જાહેર સુનાવણી કરી રહ્યા હતા. પ્રારંભિક માહિતીમાં જાણવા મળ્યું છે કે આરોપી વ્યક્તિએ પહેલા રેખા ગુપ્તા પર પથ્થર જેવું કંઈક ફેંક્યું હતું. પરંતુ જ્યારે તે સીએમ ગુપ્તાને નુકસાન પહોંચાડી શક્યો નહીં, ત્યારે તેણે તેમને થપ્પડ મારવાનો પણ પ્રયાસ પણ કર્યો. પોલીસ હાલમાં સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

પ્રથમ વન-ડેમાં સાઉથ આફ્રિકા સામે ઓસ્ટ્રેલિયાનો કારમો પરાજય

। કેર્ન્સ , તા.૨૦ ।

એઈડન માર્કરમ, કેપ્ટન ટેમ્બા બાવુમા અને બ્રિટ્ઝકેની અડધી સદી બાદ સ્પિનર કેશવ મહારાજે વેધક બોલિંગ કરીને પાંચ વિકેટ ખેરવતાં પ્રવાસી સાઉથ આફ્રિકાએ મંગળવારે અહીં રમાયેલી પ્રથમ વન-ડે ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલિયાને ૯૮ રનથી કારમો પરાજય આપ્યો હતો. આ સાથે પ્રવાસી ટીમે ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. બીજી વન-ડે ૨૨મી ઓગસ્ટે રમાશે. અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં સાઉથ આફ્રિકાએ ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૯૬ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૪૧મી ઓવર સુધીમાં ૧૯૮ રનના સ્કોરે આઉટ થઈ ગઈ હતી. કેશવ મહારાજને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.૨૯૭ રનના ટારગેટ સામે રમતાં ઓસ્ટ્રેલિયા માટે કેપ્ટન અને ઓપનર મિચેલ માર્શે મજબૂત બેટિંગ કરીને ૯૬ બોલમાં ૮૮ રન ફટકાર્યા હતા પરંતુ તે સિવાયના મોટા ભાગના સ્ટાર બેટર્સ નિષ્ફળ રહ્યા હતા. મેરનસ લબુશેનને આઉટ કરવાની સાથે કેશવ મહારાજ ત્રાટક્યો હતો..અગાઉ સાઉથ આફ્રિકા માટે ઓપનર એઈડન માર્કરમે ૮૧ બોલમાં નવ ચોગ્ગા સાથે શાનદાર ૮૨ રન ફટકાર્યા હતા તો કેપ્ટન બાવુમાએ ૬૫ અને બ્રિટ્ઝકેએ ૫૭ રન ફટકાર્યા હતા.

અમેરિકા દ્વારા ભારતીય ઉત્પાદનો પર ૫૦% વધારાનો ટેરિફ

અમેરિકાના ટેરિફ સામે ભારતને રશિયાનો ટેકો, કહ્યું- 'ભારતીય ચીજવસ્તુઓનું સ્વાગત છે'

રશિયા ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ । રશિયા ભારતની જરૂરિયાતના ૪૦% તેલ પૂરું પાડી રહ્યું છે અને અન્ય દેશોની તુલનામાં ૫% વધારાનું ડિસ્કાઉન્ટ આપે છે

। નવી દિલ્હી, તા.૨૦ ।

અમેરિકા દ્વારા ભારતીય ઉત્પાદનો પર ૫૦% વધારાનો ટેરિફ લગાવવા છતાં, રશિયાએ ભારતીય ઉત્પાદનોનું તેના બજારમાં સ્વાગત કર્યું છે. ભારતમાં રશિયન મિશનના ડેપ્યુટી ચીફ રોમન બાબુશ્કિનએ જણાવ્યું કે, અમેરિકા અર્થતંત્રને હથિયાર તરીકે વાપરી રહ્યું છે, પરંતુ રશિયા ક્યારેય આવા પ્રતિબંધો નહીં મૂકે.'બાબુશ્કિનના મતે, 'ભારત અને રશિયાએ હંમેશા મુશ્કેલ સમયમાં એકબીજાને સહકાર આપ્યો છે. રશિયા ભારતને ક્રૂડ ઓઈલનો સપ્લાય ચાલુ રાખશે અને તેના માટે રશિયાએ ખાસ વ્યવસ્થા પણ કરી છે.' તેમણે ઉલ્લેખ કર્યો કે, 'શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠક સિવાય, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની મુલાકાત થશે જેમાં ઘણા મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા થશે.'

તેમણે કહ્યું કે, 'ભારત અને રશિયા વચ્ચે વેપાર ઝડપથી વધી રહ્યો છે અને ૨૦૩૦ સુધીમાં તે ૧૦૦ અબજ ડોલરને પાર કરી જશે. રશિયા ભારતને ખાતર, તેલ અને ગેસ જેવી વસ્તુઓનો સૌથી મોટો સપ્લાયર છે.'

બાબુશ્કિનનું માનવું છે કે, 'અમેરિકાની ટેરિફ વોરની નીતિ ખોટી છે અને તેના કારણે ડોલર પરનો ભરોસો નબળો પડ્યો છે. આથી રશિયા ભારત સાથેના વ્યાપારિક અસંતુલનને દૂર કરવા પગલાં લેશે અને ભારતમાંથી મશીનરી, ફાર્મા પ્રોડક્ટ્સ, ચા અને ચોખા જેવી વસ્તુઓની આયાત વધારવા માંગે છે.' આ સાથે જ તેમણે ભારત રશિયા પાસેથી તેલની ખરીદી બંધ કરી શકે તેવી શક્યતાને પણ નકારી કાઢી હતી.

રશિયન રાજદ્વારીએ જણાવ્યું કે, 'રશિયા ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. રશિયા ભારતની જરૂરિયાતના ૪૦% તેલ પૂરું પાડી રહ્યું છે અને અન્ય દેશોની તુલનામાં ૫% વધારાનું ડિસ્કાઉન્ટ આપે છે.' તેમણે બ્રહ્મોસ મિસાઈલના સહયોગી વિકાસનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, 'અન્ય હથિયારો પર પણ કામ ચાલી રહ્યું છે. તેમણે ચીનના વિદેશ મંત્રીના ભારત પ્રવાસ અંગે પણ વાત કરી અને રશિયા, ભારત અને ચીન વચ્ચેના સહયોગને મહત્ત્વપૂર્ણ ગણાવ્યો.'

બાબુશ્કિનએ ભારતના ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરીને કહ્યું કે તે રશિયન હથિયારોના પરીક્ષણનો પણ એક અવસર હતો. તેમણે જણાવ્યું કે, 'જી-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનું આ યુદ્ધમાં પરીક્ષણ થયું છે અને જ્યારે પણ ભારત એર ડિફેન્સ સિસ્ટમ તૈયાર કરશે.

ગુનાના કેસોમાં વધારો થયો હોવાનું ગૃહ મંત્રાલયે લોકસભામાં સ્વીકાર્યું

૨૦૨૦થી ૨૦૨૨ વચ્ચે મહિલાઓ સામે અપરાધના ૧૨.૪૫ લાખ કેસ નોંધાયા

। નવી દિલ્હી, તા.૨૦ ।

તાજેતરના વર્ષોમાં મહિલાઓ સામેના ગુનામાં ચિંતાજનક વધારો થયો હોવાનું સ્વીકારીને સરકારે લોકસભામાં માહિતી આપી હતી કે ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન દેશમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓના આશરે ૧૨.૪૫ લાખ કેસ નોંધાયા હતાં. ૨૦૨૦માં મહિલાઓ સામેના ગુનાના આશરે ૩.૭૧ લાખ, ૨૦૨૧માં ૪.૨૮ લાખ અને ૨૦૨૨માં આશરે ૪.૪૫ લાખ કેસ નોંધાયા હતાં. પશ્ચિમ બંગાળના જંગલમહલ જેવા આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં જાતીય હિંસાના કેસોમાં વધારો થવા અંગે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ જૂન મલૈહાના સવાલના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમારે એક લેખિત જવાબમાં સ્વીકાર્યું હતું કે તાજેતરના વર્ષોમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં વધારો થયો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના ડેટા અનુસાર ૨૦૨૦માં મહિલાઓ વિરુદ્ધ ગુનાના ૩,૭૧,૫૦૩ કેસ નોંધાયા હતાં, જે ૨૦૨૧માં વધીને ૪,૨૮,૨૭૮ અને ૨૦૨૨માં વધુ વધી ૪,૪૫,૨૫૬ થયા હતાં. પ્રધાને જણાવ્યું હતું કે મહિલામાં અધિકારો પ્રત્યે વધુ જાગૃતિ, પોલીસ સ્ટેશનોમાં વધારો, સ્ત્રી-પુરુષને એકસમાન ગણવાની અધિકારીઓમાં તાલીમ અને ભૂલ કરનારા અધિકારીઓ સામે કડક કાર્યવાહી જેવા પરિબળોને કારણે વધુને વધુ મહિલાઓ કેસ નોંધાવી રહી છે અને તેનાથી આવા કેસોમાં વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પોલીસ અને જાહેર વ્યવસ્થા રાજ્યોના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે તથા અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની જાળવણી કરવાની જવાબદારી મુખ્યત્વે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની છે. જોકે કેન્દ્ર તેમને ફોજદારી કાયદાઓમાં સુધારો, ભંડોળ, તાલીમ, ટેકનોલોજીકલ સાધનો મારફત રાજ્યોને સમર્થન આપે છે. તાજેતરના વર્ષોમાં મહિલાઓ સામેના ગુનામાં ચિંતાજનક વધારો થયો હોવાનું સ્વીકારીને સરકારે લોકસભામાં માહિતી આપી હતી કે ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન દેશમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓના આશરે ૧૨.૪૫ લાખ કેસ નોંધાયા હતાં.

અમિષા પટેલ અને અનિલ શર્મા વચ્ચે આખરે સમાધાન

। મુંબઈ, તા.૨૦ ।

'ગદર' ફિલ્મના સર્જક અને આ ફિલ્મની હિરોઈન અમિષા પટેલ વચ્ચે સમાધાન થઈ ગયું છે. 'ગદર ટુ'ની રીલિઝ વખતે અમિષા પટેલે અનિલ શર્મા પર અનેક આક્ષેપો કર્યા હતા. જોકે, અનિલ શર્માએ કહ્યું છે કે સમય જતાં ઘણું બધું બદલાઈ જાય છે. હવે મારા અને અમિષા વચ્ચે કોઈ મનદુઃખ નથી. અમે સાથે મળીને 'ગદર થ્રી' માટે કામ કરશું. અમિષા પટેલે અગાઉ જણાવ્યું હતું કે પોતે સ્ક્રિપ્ટ જોયા બાદ જ 'ગદર થ્રી'માં કામ કરવું કે નહિ તેનો નિર્ણય કરશે. 'ગદર ટુ'માં પોતાને બહુ ફૂટેજ નહિ મળ્યું હોવાનું તેણે જણાવ્યું હતું.

ભારત અને ચીનના સંબંધોમાં મક્કમ પ્રગતિ થઈ રહી છે : પીએમ મોદી

। નવીદિલ્હી, તા.૨૦ ।

જગત જમાદાર અમેરિકાએ ભારત સહિત વિશ્વના દેશો પર ઝીંકેલા ટેરિફનો વળતો જવાબ આપવા માટે દુનિયાના વિવિધ દેશો પોતાની આગવી રણનીતિ ઘડી રહ્યાં છે. વિશ્વ આખાના અર્થતંત્રમાં ઉથલપાથલ મચાવનારા અમેરિકન પ્રમુખ ટ્રમ્પના ટેરિફ વોર વચ્ચે ભારતના સત્તાવાર પ્રવાસે આવેલા ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા ઉપરાંત સીમા વિવાદના ઉકેલ સહિતના મુદ્દે ચર્ચા થઈ હતી. વાંગ યીએ વડાપ્રધાન મોદીને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગનો સંદેશ તથા ચીનના તિયાનજિનમાં યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)નું નિમંત્રણ પાઠવ્યું હતું. વડાપ્રધાન મોદીએ એક્સ પરની એક પોસ્ટમાં ચીનના વિદેશ મંત્રી સાથેની મુલાકાત બાદ જણાવ્યું હતું કે, ભારત અને ચીનના સંબંધોમાં મક્કમ પ્રગતિ થઈ રહી છે. ગયા વર્ષે કઝાનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મારી મુલાકાત બાદ ભારત અને ચીનના સંબંધોમાં એકબીજાના હિત અને લાગણીઓના સન્માનમાં નિરંતર વૃદ્ધિ થઈ છે. ભારત અને ચીન વચ્ચે સ્થિર, વિશ્વસનીય તથા રચનાત્મક સંબંધો પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપશે. વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત અગાઉ ચીનના વિદેશ મંત્રીએ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલ સાથે સરહદી મામલાઓ મંત્રણા કરી હતી.

અમેરિકા સાથે ટેરિફ યુદ્ધ

નિકાસ અવરોધો દૂર થતાં ભારતમાં ઓટોમોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓના ઉત્પાદનમાં તેજીની સંભાવના

ચીન ભારતને રેર અર્થ, ખાતર, બોરિંગ મશીન આયાતની મંજૂરી આપશે

। નવી દિલ્હી, તા.૨૦ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ નાંખ્યો છે. ટ્રમ્પની આ મનમાની વિરુદ્ધ ભારત અને ચીન નજીક આવી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યી ભારતના બે દિવસના પ્રવાસે છે ત્યારે જ ભારતને રાહત આપતા ચીને રેર અર્થ, ખાતર અને ટનલ બોરિંગ મશીનોની ભારતમાં નિકાસ પરના નિંત્રણો હટાવી લીધા છે અને નિકાસ શરૂ કરી છે. વાંગ યીએ કહ્યું કે, ભારત અને ચીને એકબીજાને પ્રતિસ્પર્ધી નહીં પરંતુ ભાગીદાર તરીકે જોવા જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગલવાન હિંસા પછી લગભગ સાત વર્ષે ચીનના પ્રવાસે જઈ રહ્યા છે. પીએમ મોદી ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ)ના વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. આ પહેલાં બંને દેશના વિદેશ મંત્રીઓની મુલાકાત ભારત-ચીનના સંબંધોમાં સુધારાના સંકેત આપી રહી છે.

ભારતના વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકર અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે બેઠક થઈ ત્યારે ભારતે રેર અર્થ, ખાતર અને બોરિંગ મશીનોની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવા માગ કરી હતી. વાંગ યીએ જયશંકરને આશ્વાસન આપ્યું છે કે ચીને આ વસ્તુઓના સંબંધમાં ભારતમાં નિકાસ કરવાનું શરૂ કરી દીધું છે. રિપોર્ટ મુજબ ભારતને આ વસ્તુઓની શિપમેન્ટ પહેલા જ શરૂ કરી દેવાઈ છે અને હવે ચીનના વિદેશ મંત્રીએ પણ આ બબાત સ્પષ્ટ કરી દીધી છે.

જયશંકર સાથેની બેઠકમાં વાંગ યીએ કહ્યું કે, ચીન અને ભારતના સંબંધો સહકાર તરફ પાછા ફરી રહ્યા હોવાના સકારાત્મક સંકેતો મળી રહ્યા છે. ચીન અને ભારત વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના ૭૫ વર્ષની આ વર્ષે ઊજવણી થઈ રહી છે. બંને દેશોએ પારસ્પરિક આદર અને વિશ્વાસ સાથે સહઅસ્તિત્વ માટે યોગ્ય માર્ગે આગળ વધવું જોઈએ. બંને દેશોએ અવરોધો દૂર કરીને આત્મવિશ્વાસ સાથે એક જ દિશામાં આગળ વધતા દ્વિપક્ષીય સંબંધોમાં સુધારા માટે સહકાર વધારવો જોઈએ. આ સાથે અમેરિકાની ટીકા કરતા વાંગ યીએ કહ્યુ કે, દુનિયામાં એકપક્ષીય ગુંડાગીરી બેફામ બની છે ત્યારે વિશ્વ બદલાઈ રહ્યું છે અને પરિસ્થિતિઓ પણ બદલાઈ રહી છે.

ન્યૂઝ બ્રિફ

છેલ્લા શ્વાસ સુધી કામ કરવા ઈચ્છું છું : ઉષા તાઈ

। મુંબઈ, તા.૨૦ ।

લોકપ્રિય સીરિયલ 'પવિત્ર રિશ્તા'થી ઓળખ બનાવનારી અનુભવી અભિનેત્રી ઉષા નાડકર્ણીને લોકો 'ઉષા તાઈ' તરીકે ઓળખે છે. આજે ઉષા તાઈ પાસે ઘર,ધન બધુ જ છે, તે છતાં તે એકલા રહે છે. આવો જાણીએ તે કેમ પરિવારથી દૂર એકલા રહે છે.અભિનેત્રી ઉષા નાડકર્ણી મૂળ કર્ણાટકના વતની છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું કે બાળપણથી જ તેમને અભિનયનો શોખ હતો. તેમના લગ્ન થયા છે અને તેમનો એક દીકરો પણ છે. પણ અભિનયના શોખને કારકિર્દીમાં બદલવા તેઓ કર્ણાટક છોડી મુંબઈ આવ્યા હતા. તેમણે તેમના દીકરાની જવાબદારી તેમના માતા-પિતાને સોપી દીધી હતી. વર્ષો વીત્યા ધીમે-ધીમે તેમનો દીકરો તેમનાથી દૂર થઈ ગયો. ત્યાર બાદ તે મુંબઈમાં એકલા રહેવા લાગ્યા અનુભવી અભિનેત્રી ઉષા નાડકર્ણીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે,' મારો દીકરો પરિણીત છે, તેનો એક દીકરો પણ છે, પણ તે મારા ભાઈના ઘરે રહે છે. મારો નાનો ભાઈ હતો, જે હવે આ દુનિયામાં નથી. ગયા વર્ષે ૩૦ જૂનના રોજ મારા ભાઈનું નિધન થઈ ગયું હતું. જો તેને ખબર પડતી કે હું કોઈ મુશ્કેલીમાં છું, તો તે દોડીને મારી પાસે આવતો. પણ હવે હું ૪૦ વર્ષથી એકલી રહું છું, હવે મને એકલા રહેવાની આદત થઈ ગઈ છે,' ઉષાએ આગળ જણાવ્યું કે, 'કોઈનું મોત ઊંઘમાં થાય છે, કોઈ હોસ્પિટલમાં જીવ ગુમાવે છે. શું ખબર કે કોણ કોઈ કેવી રીતે જીવ ગુમાવશે. મને જરા પણ ડર નથી લાગતો. મારો જીવ ઊંઘમાં પણ ગયો તો બાજુ વાળા કહેશે કે ડોસીએ આજે દરવાજો ખોલ્યો નહીં'.

આંધ્રમાં ૨૩ કરોડથી વધુની રકમનું ડ્રગ્સ જપ્ત : આઠની ધરપકડ

। આંધ્ર, તા.૨૦ ।

આંધ્રમાં ૨૩ કરોડથી વધુની રકમનું ડ્રગ્સ જપ્ત આરઆઈએ આંધ્ર પ્રદેશના અનકાપલ્લી જિલ્લામાં અલપ્રાઝોલના નિર્માણની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો અને ૨૩ કરોડ રૂપિયાથી વધુનું ડ્રગ્સ જપ્ત કર્યુ હતું. ચોક્કસ બાતમીને આધારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ, વિજયવાડા અને કાકીનાડા જિલ્લાના અધિકારીઓએ સંયુક્ત રીતે એક સંકલિત કાર્યવાહી હાથ ધરી હતી. જે હેઠળ માસ્ટરમાઈન્ડ, ફાઈનાન્સર્સ, કેમિસ્ટો અને સંભવિત ખરીદનારાઓ સહિત આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ડીઆરઆઈના અધિકારીઓએ તૈયાર કરવામાં આવી રહેલું ૮૭ કીલો અલપ્રાઝોલમ, ૩૬૦૦ લિટર પ્રવાહી કાચો માલ, ૩૧૨ કીલો ધન પ્રીકર્સર, બે રિએક્ટર, એક સેન્ટ્રીફ્યુઝ, એક ડ્રાયર અને આપત્તિજનક દસ્તાવેજ જપ્ત કર્યા છે.આંધ્રમાં ૨૩ કરોડથી વધુની રકમનું ડ્રગ્સ જપ્ત : આઠની ધરપકડડીઆરઆઈએ આંધ્ર પ્રદેશના અનકાપલ્લી જિલ્લામાં અલપ્રાઝોલના નિર્માણની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો અને ૨૩ કરોડ રૂપિયાથી વધુનું ડ્રગ્સ જપ્ત કર્યુ હતું.

અફઘાનિસ્તાનમાં ભીષણ માર્ગ અકસ્માત । બસ સળગી જતાં ૧૭ બાળક સહિત ૭૧ લોકોના મોત

ઈસ્લામ : અફઘાનિસ્તાનના પશ્ચિમ પ્રાંત હેરાતમાં બુધવારે એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં ઓછામાં ઓછા ૭૧ લોકોએ જીવ ગુમાવ્યા. તેમાં ૧૭ તો નિર્દોષ બાળકોએ જીવ ગુમાવ્યા. આ દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે એક બસ, ટ્રક અને બાઈક સાથે ટક્કર બાદ અગનગોળો બની ગઇ હતી. આ મામલે પ્રાદેશિક સરકારના પ્રવક્તા અહેમદુલ્લાહ મુત્તાકીએ ઘટનાની પુષ્ટી કરતાં કહ્યું કે વર્તમાન સમયનો આ સૌથી ભીષણ અકસ્માત હતો. હેરાતમાં બસ, ટ્રક અને બાઈક વચ્ચે આ ટક્કર થઇ હતી. સોશિયલ મીડિયા પર આ અકસ્માતનો એક વીડિયો પણ વાઈરલ થઇ રહ્યો છે અને આજુબાજુ ગભરાયેલા લોકોની ભીડ પણ દેખાઈ રહી છે. અન્ય એક પ્રાદેશિક અધિકારી મોહમ્મદ યુસુફ સઈદીએ જણાવ્યું કે આ બસમાં ઈરાનમાંથી કાઢી મૂકાયેલા અફઘાની નાગરિકો સવાર હતા જે ઈસ્લામ કલા બોર્ડર ક્રોસ કરી કાબુલ તરફ જઈ રહ્યા હતા. જોકે અકસ્માતનું કારણ જણાવતા મુત્તાકીએ કહ્યું કે આ દુર્ઘટના હેરાત શહેરના બાહ્ય વિસ્તાર ગુજારા જિલ્લામાં બસની વધારે પડતી સ્પીડ અને અને બેદરકારીને કારણે થયું હતું. બસ પહેલા બાઈક સાથે અને પછી ઈંધણ ભરેલા ટ્રક સાથે ટકરાઈ ગઇ હતી. આ અકસ્માતમાં ત્રણ જ લોકોનો જીવ બચ્યો હતો. જોકે ટ્રક અને બાઈકચાલક ચાર લોકો પણ મૃતકોમાં સામેલ છે.

‘પરિણીતા’ ફિલ્મ રી રીલીઝ પ્રીમિયર પર, વિદ્યા બાલન ખુબ ખીલી

। મુંબઈ, તા.૨૦ ।

બોલીવુડ અભિનેત્રી વિદ્યા બાલનની ફિલ્મ ‘પરિણીતા’ ૨૦ વર્ષ પછી ફરી એકવાર સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મનો પ્રીમિયર તાજેતરમાં યોજાયો હતો જેમાં બોલિવૂડની ઘણી હસ્તીઓએ ભાગ લીધો હતો. ૨૦૦૫માં રિલીઝ થયેલી ‘પરિણીતા’ ફિલ્મનોરી રીલીઝ પ્રીમિયર યોજાયો હતો, જેમાં વિદ્યા બાલન અને પીઢ અભિનેત્રી રેખાએ પણ ભાગ લીધો હતો.આ તકે વિદ્યા બાલન ધુનુચી ડાન્સ કરતી જોવા મળી રહી છે. દુર્ગા પૂજા દરમિયાન આરતી પછી આ ડાન્સ કરવામાં આવે છે. આ વીડિયોમાં વિદ્યા મોંમાં માટીના વાસણ સાથે ડાન્સ કરવાનો પ્રયાસ કરી રહી છે.તેમની ખુશી તેમના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાય છે. આ ઈવેન્ટમાં વિદ્યા સાથે પ્રખ્યાત દિગ્દર્શક વિધુ વિનોદ ચોપરા પણ જોવા મળ્યા હતા. રેડ કાર્પેટ પર વિદ્યા બાલન સાથે દિયા મિર્ઝા પણ સુંદર પોઝ આપતી જોવા મળી હતી.બોલીવુડની સદાબહાર અભિનેત્રી રેખાએ પણ ફિલ્મ ‘પરિણીતા’ના પ્રીમિયરમાં હાજરી આપી હતી. સફેદ સાડીમાં રેખાની સુંદરતા દૂરથી લોકોની નજર ખેંચી રહી હતી.વિદ્યા બાલને રેખાનું સ્વાગત કરતી વખતે તેમના ચરણ સ્પર્શ કર્યા હતા. ૨૦૦૫ માં રિલીઝ થયેલી ‘પરિણીતા’ પ્રદીપ સરકાર અને વિદ્યા બાલનની શ્રેષ્ઠ ફિલ્મ માનવામાં આવે છે.

ટ્રમ્પ સરકારના એક અધિકારીએ માહિતી આપી

ટ્રમ્પ, ઝેલેન્સ્કી અને પુતિન વચ્ચે ત્રિપક્ષીય મંત્રણાનું સ્થળ લગભગ નક્કી! અમેરિકાએ શરૂ કરી તૈયારી

પોલિટિકોના જણાવ્યા અનુસાર, યુએસ સિક્રેટ સર્વિસ હંગેરીના બુડાપેસ્ટમાં આ શિખર સંમેલનની તૈયારી કરી રહી છે, જેનું નેતૃત્વ વડાપ્રધાન વિક્ટર ઓર્બન કરી રહ્યા છે

। વોશિંગ્ટન, તા.૨૦ ।

વ્હાઈટ હાઉસમાં મંત્રણા બાદ અમેરિકાએ પુતિન-ઝેલેન્સ્કી વચ્ચે ત્રિપક્ષીય અને ત્રિપક્ષીય વાટાઘાટોનું આયોજન કરવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ દરમિયાન એવી માહિતી મળી રહી છે કે વ્હાઈટ હાઉસ દ્વારા હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં અમેરિકા, રશિયા અને યુક્રેનના પ્રમુખ વચ્ચે સંભવિત ત્રિપક્ષીય બેઠકનું આયોજન કરાશે. ટ્રમ્પ સરકારના એક અધિકારીએ આ માહિતી આપી છે.

પોલિટિકોના જણાવ્યા અનુસાર, યુએસ સિક્રેટ સર્વિસ હંગેરીના બુડાપેસ્ટમાં આ શિખર સંમેલનની તૈયારી કરી રહી છે, જેનું નેતૃત્વ વડાપ્રધાન વિક્ટર ઓર્બન કરી રહ્યા છે. ઓર્બનના તેમના પ્રથમ કાર્યકાળથી જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ગાઢ સંબંધો રહ્યા છે. આ ઉપરાંત, પુતિને રશિયામાં ઝેલેન્સ્કી સાથે ખાનગી બેઠકનું આયોજન કરવાનું સૂચન કર્યું છે.

આ પહેલા મંગળવારે વ્હાઈટ હાઉસ મીડિયા બ્રીફિંગ દરમિયાન જ્યારે કેરોલિન લેવિટને બુડાપેસ્ટ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે હું આ સ્થળની પુષ્ટિ કે ઈનકાર ન કરી શકાય. તેમણે કહ્યું કે ઘણા વિકલ્પો પર વિચારણા કરવામાં આવી રહી છે. જોકે, તેમણે સંભવિત સ્થળ વિશે વિગતવાર માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો. વ્હાઈટ હાઉસમાં મંત્રણા બાદ અમેરિકાએ પુતિન-ઝેલેન્સ્કી વચ્ચે ત્રિપક્ષીય અને ત્રિપક્ષીય વાટાઘાટોનું આયોજન કરવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ દરમિયાન એવી માહિતી મળી રહી છે કે વ્હાઈટ હાઉસ દ્વારા હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં અમેરિકા, રશિયા અને યુક્રેનના પ્રમુખ વચ્ચે સંભવિત ત્રિપક્ષીય બેઠકનું આયોજન કરાશે. ટ્રમ્પ સરકારના એક અધિકારીએ આ માહિતી આપી છે.

પોલિટિકોના જણાવ્યા અનુસાર, યુએસ સિક્રેટ સર્વિસ હંગેરીના બુડાપેસ્ટમાં આ શિખર સંમેલનની તૈયારી કરી રહી છે, જેનું નેતૃત્વ વડાપ્રધાન વિક્ટર ઓર્બન કરી રહ્યા છે. ઓર્બનના તેમના પ્રથમ કાર્યકાળથી જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ગાઢ સંબંધો રહ્યા છે. આ ઉપરાંત, પુતિને રશિયામાં ઝેલેન્સ્કી સાથે ખાનગી બેઠકનું આયોજન કરવાનું સૂચન કર્યું છે. આ પહેલા મંગળવારે વ્હાઈટ હાઉસ મીડિયા બ્રીફિંગ દરમિયાન જ્યારે કેરોલિન લેવિટને બુડાપેસ્ટ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે હું આ સ્થળની પુષ્ટિ કે ઈનકાર ન કરી શકાય. તેમણે કહ્યું કે ઘણા વિકલ્પો પર વિચારણા કરવામાં આવી રહી છે.

સૈકાઓ સુધી બીજાનું લૂંટીને જીવતા અફઘાનોની કરૂણ હાલત

વિદેશી સહાયમાં કાપ મૂકતાં । અફઘાનિસ્તાનમાં આરોગ્ય સેવા તદ્દન પડી ભાંગવાની અણીએ

દેશની ૨ કરોડ ૩૦ લાખની વસ્તીમાં અર્ધોઅર્ધ, આરોગ્ય સેવાઓ અને ખાદ્ય પદાર્થો તેમજ શુદ્ધ પાણીની પણ પારાવાર તંગી ભોગવે છે

। કાબુલ, તા.૨૦ ।

સૂકા પર્વતીય પ્રદેશ અફઘાનિસ્તાનમાં આરોગ્ય સેવાઓ તદ્દન પડી ભાંગવાની અણીએ છે. તાલિબાનોએ સત્તા હાથમાં લીધા પછી વિદેશી સહાય લગભગ બંધ થઈ ગઈ છે. આ વિદેશી સહાયને લીધે જ ત્યાં આરોગ્ય સેવા ચાલતી હતી.અત્યારે તો અફઘાનિસ્તાનમાં પરિસ્થિતિ તેવી છે કે તેની ૨ કરોડ ૩૦ લાખ જેટલી વસ્તી પૈકી અર્ધોઅર્ધ વસ્તી આરોગ્ય સેવાઓ, ખાદ્ય પદાર્થો અને શુદ્ધ પાણીની પણ તંગી અનુભવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (હ્યુ)ના જણાવ્યા પ્રમાણે દેશમાં ૪૨૫ થી વધુ આરોગ્ય કેન્દ્રો બંધ થઈ ગયા છે. તેથી લોકોને આરોગ્ય સેવા માટે નજીકથી નજીકનાં આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલ પહોંચવા કલાકોની મુસાફરી કરવી પડે છે.દેશમાં હજી અંદરો-અંદર મારામારી થતી રહે છે. પતિઓને પત્નીઓને મારવાનો હક્ક છે, તેમ માને છે. કાયદો વ્યવસ્થા જેવું કશું દેખાતું નથી, તેથી સામસામી છરાબાજી રોજીંદી ઘટના છે. માર્ગો તદ્દન બિસ્માર છે. તેથી માર્ગ અકસ્માત થઈ રહ્યા છે. આથી આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં ઘરેલુ હિંસાનો ભોગ બનેલી મહિલાઓ, યુવતીઓ છરાબાજીથી ઘાયલ થયેલાઓ અને માર્ગ અકસ્માતોની પેશન્ટસની સારવાર કરવામાં જ સ્થાનિક આરોગ્ય કેન્દ્રો, કે હોસ્પિટલોના તબીબી, નર્સોનો સમય વ્યતિત થાય છે. દુઃખદ તે છે કે આરોગ્ય કેન્દ્રો પૈકી અનેક બંધ થયા છે. હોસ્પિટલો પૈકી કેટલીએ બંધ છે.આથી તબીબોએ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસે દવાઓ, પાટા-પિંડી માટેની દવાઓ વગેરે માટે અરજ કરી છે. પરંતુ અફઘાનિસ્તાનની તાલિબાન સરકારના માનવતા હીન કાયદાઓ જોઈ વૈશ્વિક આરોગ્ય સંસ્થાઓ, ઔષધો વગેરે આપવામાં ઠાગા-ઠૈયા કરે છે. નિરીક્ષકો કહે છે કે, અફઘાનિસ્તાનમાં યુદ્ધ સમયે હતી લગભગ તેવી જ પરિસ્થિતિ હજી પ્રવર્તે છે. ત્યાં દવાઓની તો ખેંચ છે જ પરંતુ દેશની અર્ધોર્ધથી વધુ જનતા દવાઓ ઉપરાંત ખાદ્ય પદાર્થો અને પાણીની પણ તંગી ભોગવે છે. અફઘાનિસ્તાન પોએટિક-જસ્ટિસ અનુભવે છે. સૈકાઓ સુધી બીજાનું લૂંટીને જ પોતાની તિજોરીઓ ભરનારા અફઘાનિસ્તાનની તિજોરીઓ તો ક્યારનીય તળીયા-ઝાટક થઈ ગઈ છે. પરંતુ હવે તો દવાઓ ઉપરાંત, ખાદ્ય પદાર્થો અને પાણીનાં પણ તેને ફાંફાં પડે છે. તેમની હાલત કરૂણ થઈ ગઈ છે.

‘ભારત માતા કી જય’ બોલવા પર ટ્રોલ થયેલી જહાન્વી કપૂરની પ્રતિક્રિયા

। મુંબઈ, તા.૨૦ ।

બોલિવૂડ અભિનેત્રી જાહ્નવી કપૂર હાલમાં તેના આગામી પ્રોજેક્ટ **‘ParamSundari’** માટે ખૂબ ચર્ચામાં છે. જાહ્નવીની આ ફિલ્મના ગીતોએ લોકોમાં રિલિઝ પહેલા જ દિલ જીતી લીધા છે. ત્યારે જાહ્નવી જન્માષ્ટમી નિમિત્તે મુંબઈના ઘાટકોપર ખાતે આયોજિત એક ખાસ કાર્યક્રમમાં હાજરી આપી. આ કાર્યક્રમમાં જાહ્નવી કપૂર દહીં હાંડી તોડતી અને ‘ભારત માતા કી જય’ના નારા લગાવતા દેખાઈ હતી.જ્યારે આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો, ત્યારે કેટલાક લોકોએ તેને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. લોકોના ટ્રોલ સામે જાહ્નવી કપૂરે ખુલ્લો જવાબ આપ્યો. તેણે આખા કાર્યક્રમનો વીડિયો તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો, જેથી દરેક જણ સાચું જોઈ શકે. વીડિયોમાં પહેલા ભાજપના સાંસદ ‘ભારત માતા કી જય’ બોલતા નજરે પડે છે અને ત્યારબાદ જાહ્નવી કપૂર એ બોલે છે.વીડિયો શેર કરતા જાહ્નવી કપૂરે લખ્યું, “જો તે બોલ્યા પછી હું ન બોલતી, તો પણ સમસ્યા બનતી અને જો હું બોલી, તો પણ વીડિયો કાપીને મીમ બનાવવામાં આવે છે. મ્અ ંરી ુટ્ટઅ, ફક્ત જન્માષ્ટમી પર જ નહીં, હું દરરોજ ‘ભારત માતા કી જય’ કહીશ.” આ નિવેદનથી જાહ્નવી કપૂરે ટ્રોલિંગ પર સ્પષ્ટતા કરી અને પોતાના દેશપ્રેમની ભાવના વ્યક્ત કરી છે.જાહ્નવી કપૂર હાલમાં પોતાની આગામી ફિલ્મ **‘ParamSundari’** માટે ખૂબ જ વ્યસ્ત છે.

મિસ યુનિવર્સ ઈન્ડિયાનો તાજ રાજસ્થાનની મનિકા વિશ્વકર્માના શિરે

। મુંબઈ, તા.૨૦ ।

ભારતને આ વર્ષે તેની નવી મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૫ મળી ગઈ છે. રાજસ્થાનના જયપુરમાં આયોજિત ભવ્ય સ્પર્ધામાં ગંગા નગરની રહેવાસી મનિકા વિશ્વકર્માએ મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૫નો ખિતાબ જીત્યો. આ ટાઈટલ સાથે મનિકા વિશ્વકર્મા હવે થાઈલેન્ડમાં યોજાનારી ૭૪મી મિસ યુનિવર્સ સ્પર્ધા ૨૦૨૫માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે, જ્યાં ૧૩૦ દેશોની સુંદરીઓ એક મંચ પર તેમની પ્રતિભા અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કરશે.મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૫ માટે દેશભરમાંથી ૪૮ સ્પર્ધકોએ ફાઈનલમાં જગ્યા બનાવી હતી. તેમની વચ્ચે સખત સ્પર્ધા બાદ રાજસ્થાનની મનિકા વિશ્વકર્મા વિજેતા બનીને ભારતનું ગૌરવ વધાર્યું. તેમજ ઉત્તર પ્રદેશની તાન્યા શર્મા ફર્સ્ટ રનર-અપ, હરિયાણાની મહેક ઢીંગરા સેકન્ડ રનર-અપ અને અમીષી કૌશિક થર્ડ રનર-અપ રહી.૨૨ વર્ષીય મનિકા વિશ્વકર્મા રાજસ્થાનના ગંગાનગરની મોડેલ છે. જોકે, છેલ્લાં કેટલાંક વર્ષથી તે દિલ્હીમાં રહે છે અને પોતાની મોડેલિંગ કારકિર્દી પર ધ્યાન આપી રહી છે. હવે મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૫માં વિજય મેળવ્યા પછી તે ચર્ચામાં આવી ગઈ છે. આ જીત પછી મનિકાએ સ્ટેજ પર પોતાની ખુશી વ્યક્ત કરી અને પોતાના મેન્ટર્સનો આભાર માન્યો.

વ્હાઇટ હાઉસમાં ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ કર્યું ‘નમસ્તે’, જોતી રહી ગઈ દુનિયા

। વોશિંગ્ટન, તા.૨૦ ।

વ્હાઈટ હાઉસમાં આયોજિત એક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય બેઠક પહેલાં એક રસપ્રદ ઘટના જોવા મળી. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક સહાયકનું સ્વાગત ‘નમસ્તે’ કહીને કર્યું. આ ક્ષણ ભલે થોડીક જ સેકન્ડની હતી, પરંતુ ત્યાં હાજર લોકો માટે આ અણધારી અને આકર્ષક હતી. જ્યાં અન્ય નેતાઓ પરંપરાગત રીતે હાથ મિલાવીને ઔપચારિક અભિવાદન કરી રહ્યા હતા, ત્યાં મેલોનીનું ‘નમસ્તે’ કહેવું બધા માટે આશ્ચર્યજનક હતું.ઈટાલીના પીએમનો એક ફોટો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ અમેરિકન પ્રમુખના પત્ની મેલાનિયાને મળી રહ્યા છે. આમાં, તેઓ હાથ મિલાવ્યા પછી મેલાનિયાને નમસ્તે કહેતા જોવા મળે છે. નમસ્તે એ હાથ જોડીને અભિવાદન કરવાની ભારતીય પરંપરા છે અને મેલોની ઘણા મોટા પ્રસંગોમાં નમસ્તે કરતાં જોવા મળે છે. ઈટાલીમાં જી-૭ સમિટ દરમિયાન, તેમણે નમસ્તે કહીને નેતાઓનું સ્વાગત પણ કર્યું.

જ્યોર્જિયા મેલોનીનું ભારતીય સ્ટાઈલમાં ‘નમસ્તે’ કહેવું તેમની નમ્રતા અને વૈશ્વિક સંસ્કૃતિ પ્રત્યેના સન્માનનું પ્રતીક માનવામાં આવે છે. આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. લોકો તેને સન્માનજનક અને વૈકલ્પિક અભિવાદનનું ઉદાહરણ જણાવી રહ્યા છે.અગાઉ એક વીડિયોમાં, તેઓ પીએમ મોદીને પણ નમસ્તે કરતાં જોવા મળ્યા હતા. જેને વૈશ્વિક સંસ્કૃતિ પ્રત્યેના તેમના આદર તરીકે જોવામાં આવી રહ્યું છે. સોશિયલ મીડિયા પર, લોકો તેને પીએમ મોદી અને મેલોની વચ્ચેની મિત્રતા સાથે જોડી રહ્યા છે, જે ઘણીવાર સમાચારમાં રહે છે.

દ. ચીન સમુદ્રમાં ચીન ‘ભૂરાં ટું’ બન્યું છે

ચીન ઉલ્ટો દાવો કરે છે : ફિલિપિનો શિપે અમારાં શિપને નુકસાન કર્યું : તે આક્ષેપ હાસ્યાસ્પદ છે : ૪૪મી.નું શિપ ૯૦ અને ૧૫૭મી.નાં ચીની જહાજોને નુકસાન કરી કેમ શકે ?

ફીલીપીનો, શિપનો પીછો કરતાં ચીનના જ જહાજો અથડાઈ પડયાં

। નવી દિલ્હી, તા.૨૦ ।

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ કેલિડોસ્કોપિક ઝડપે પલટાઈ રહી છે. અત્યારે ભૂખે મરતા પેલેસ્ટાઈનીયો તરફ જોવા જેટલી કોઈને ધીરજ નથી. ટ્રમ્પ ઝપાટા ભેર રશિયા યુક્રેન યુદ્ધ સમેટાવવા માગે છે. તે માટે યુક્રેનને તેની કેટલીક ભૂમિ અને ક્રીમીયા દ્વિપકલ્પ પરનો દાવો છોડી દેવા સમજાવી રહ્યા છે. ચીન તેની ઉપર પશ્ચિમે લડાખમાં શાંતિ સ્થાપવાની ઓચિંતી જ ડાહી ડાહી વાતો કરે છે. વાત સીધી અને સાદી છે. લડાખ કે દોકલામ કે અરુણાચલ પ્રદેસમાં ફાવી શકે તેમ નથી. તેથી નજર પેસિફિક તરફ દોડાવે છે. દક્ષિણ ચીન સમુદ્રમાં આવેલાં ફીલિપાઈન્સને દબડાવવા માગે છે. સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પોતાનો છે તે સાબિત કરવા હવે તે ભૂરાંટું બન્યું છે.ફીલીપાન્સના સમુદ્ર તટે રહેલી ખંડીય છાજલી સ્કારબરો શોલ નૈસર્ગિક રીતે જ ફીલીપાઈન્સની છે. ધી હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય અદાલતે પણ ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ફીલીપાઈન્સનો તે દાવો સ્વીકાર્યો છે.ચીન પોતાને અંતરરાષ્ટ્રીય કાનૂનથી પર માને છે તે કહે છે કે તે જળ વિસ્તાર અમારો છે. ૨૦૧૨થી તેણે ફીલીપાઈન્સના તે એક્સક્લુઝીવ ઈકોનોમિક ઝોન પર પોતાનો કબ્જો જાહેર કર્યો છે. ત્યાં ફીલીપીનો માછીમાર નૌકાઓની રક્ષા માટે રહેલાં ૪૪ મીટરનાં નાનાં ફીલીપીનો કોસ્ટ ગાર્ડનાં શિપને દૂર કરવા ચીનની એક ફ્રીગેટ અને એક ડીસ્ટ્રોયર પાછળ પડયાં તે બંને ઉપર વોટર કેનન હોય છે. તે ઉપરથી તે સામેનાં શિપ ઉપર પાણીનો જબરજસ્ત ધોધ છોડે છે. તેથી બચવા ફિલિપાન્સનું કોસ્ટ ગાર્ડ શિપ ઝડપથી આગળ ધસ્યું ત્યારે તેનો પીછો કરવા ચીનની ફ્રીગેટ અને ડીસ્ટ્રોયર અત્યંત ઝડપે આગળ ધસી તેમાં ફિલિપિનો કોસ્ટગાર્ડ શિપ તો દૂર રહ્યું પરંતુ ચીનનાં નૌકાદળનાં તે બંને જહાજો જ એકબીજા સાથે અથડાઈ પડતાં બંને યુદ્ધ જહાજોના તૂતક ઉપર ઊભેલા તેના નૌસૈનિકો સમુદ્રમાં પડી ગયાં અને જહાજોનાં હલ સાથે માથાં ભટકાતાં તેમજ સમુદ્રીય જોરદાર મોજાને લીધે જળમગ્ન બની ગયાં.બંને જહાજોએ વાયરલેસ દ્વારા ચીનની તળભૂમિ પર રહેલાં તેમનાં મથકને સંદેશો મોકલ્યો અને ચીનના પ્રવક્તાએ તેમજ ચીનનાં સરકારી ટેબ્લોઈડ ગ્લોબલ ટાઈમ્સે ચીનના કહેવાતા એક્ષપર્ટસને ટાંકતાં જણાવ્યું કે આ ઘટના ફીલીપાઈન્સ દ્વારા લેવાયેલાં ઉશ્કેરણીજનક પગલાંને લીધે જ બની હતી. તે તો તેનું પૂર્વ યોજિત કાવતરૂં હતું. તેનાં જહાજે અમારાં જહાજોને નુકસાન પહોંચાડયું છે. માટે તે દુર્ઘટના માટે ફીલીપાઈન્સ જ જવાબદાર છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ કેલિડોસ્કોપિક ઝડપે પલટાઈ રહી છે.

અમેરિકાની સુરક્ષાની ખાતરી માટે પ્રયાસ

યુક્રેનની સુરક્ષા માટે યુરોપના ફન્ડિંગથી ઝેલેન્સ્કી અમેરિકા પાસેથી ૧૦ પેટ્રિઅટ ડિફેન્સ સિસ્ટમ સહિતના મિસાઈલ ખરીદશે

યુક્રેન ટ્રમ્પ સાથે ૧૦૦ અબજ ડોલરના હથિયારોની ખરીદીની ડીલ કરવા તૈયાર

। વોશિંગ્ટન , તા.૨૦।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા પર આવતા પહેલાં ૨૪ કલાકમાં રશિયા-યુક્રેન યુદ્ધ બંધ કરવાનું આપેલું વચન આખરે સાત મહિને પૂરું થઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. અલાસ્કામાં ટ્રમ્પ અને પુતિનની વાટાઘાટો પછી વોશિંગ્ટનમાં ઓવલ ઓફિસમાં ડોનાલ્ડ ટ્રમ્પની યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી અને યુરોપના સાત નેતાઓ સાથે સોમવારે બેઠક થઈ હતી. હવે ટ્રમ્પ રશિયન પ્રમુખ પુતિન અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી વચ્ચે આમને-સામને બેઠકની તૈયારી કરી રહ્યા છે ત્યારે યુક્રેનની સુરક્ષા માટે ઝેલેન્સ્કીએ યુરોપના ફન્ડિંગની મદદથી અમેરિકા પાસેથી ૧૦૦ અબજ ડોલરના હથિયારો અને ૫૦ અબજ ડોલરના ડ્રોનની ખરીદીની દરખાસ્ત કરી છે.

યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સોમવારે યોજાયેલી બેઠકમાં ઝેલેન્સ્કીએ યુક્રેનમાં શાંતિની ઈચ્છા વ્યક્ત કરી અને તેના માટે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન સાથે સીધી વાટાઘાટોને જરૂરી ગણાવી હતી. ટ્રમ્પે પણ કહ્યું કે, પુતિન પણ યુદ્ધ ઈચ્છતા નથી. એટલે યુક્રેન યુદ્ધ ખતમ થવાની વ્યાપક સંભાવના છે. યુરોપના નેતાઓ સાથે ચર્ચા વચ્ચે ટ્રમ્પે રશિયન પ્રમુખ પુતિન સાથે ફોન પર વાત કરી હોવાનું સૂત્રોનું કહેવું છે. આ સમયે પુતિને પણ ઝેલેન્સ્કી સાથે બેઠક કરવાની તૈયારી દર્શાવી છે. અમેરિકન વિદેશ મંત્રી માર્ક રુબિયોએ દાવો કર્યો હતે કે સાડા ત્રણ વર્ષથી ચાલતા યુદ્ધનો અંત લાવવા માટે ઝેલેન્સ્કી સાથે બેઠક માટે પુતિન તૈયાર થયા તે બહુ મોટી વાત છે. પુતિન-ઝેલેન્સ્કીની મુલાકાત પછી યુદ્ધ ખતમ થઈ જશે કે નહીં તે ખબર નથી, પરંતુ તેમની મુલાકાત થાય તો પણ તે મોટી વાત છે.મીડિયા અહેવાલ મુજબ રશિયા સાથે એક વખત શાંતિ સમજૂતી થઈ જાય પછી ભવિષ્યમાં પુતિન ફરી યુક્રેન પર આક્રમણ ના કરે તે માટે અમેરિકાની સુરક્ષાની ખાતરી માટે ઝેલેન્સ્કીએ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકા સાથે ૧૫૦ અબજ ડોલરના મૂલ્યના સંરક્ષણ સોદાની દરખાસ્ત કરી છે. ઝેલેન્સ્કીએ યુદ્ધ પછી યુક્રેનની સુરક્ષા માટે અમેરિકાની ખાતરીના બદલામાં યુરોપના ફન્ડિંગની મદદથી યુક્રેન અમેરિકા પાસેથી ૧૦૦ અબજ ડોલરના હથિયારોની ખરીદીની ઓફર કરી છે. ઝેલેન્સ્કીએ ટ્રમ્પને કરેલી દરખાસ્તમાં કયા હથિયારોની ખરીદી કરાશે તે અંગે વિગતવાર જણાવાયું નથી. પરંતુ શહેરો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા માટે યુક્રેન અમેરિકા પાસેથી ૧૦ યુએસ બનાવટની પેટ્રીઅટ એર ડિફેન્સ સિસ્ટમ તેમજ અન્ય મિસાઈલ સિસ્ટમ્સ અને ઈક્વિપમેન્ટ ખરીદે તેવી શક્યતા છે.

જૂનાગઢમાં ખેડૂતો અને સ્થાનિકો મુશ્કેલીમાં મૂકાયા

જૂનાગઢના 3 તાલુકામાં આભ ફાટ્યું । મેંદરડામાં ૧૩ ઈંચ, વંથલી-કેશોદમાં ૧૦-૧૦ ઈંચ જેટલો વરસાદ

પોરબંદરની વાત કરીએ તો ત્યાં ચાર કલાકના ગાળામાં ૫.૩૧ ઈંચ વરસાદ ખાબકી ગયો । જેના લીધે રોડ અને હાઇવે ઉપર પણ પાણી ફરી વળ્યા

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૨૦ ।

ગુજરાતના સૌરાષ્ટ્રમાં આજે મેઘરાજાએ જાણે તાંડવ કર્યું હોય તેમ અનરાધાર બેટિંગ કરી છે. ખાસ કરીને જૂનાગઢમાં. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા છે. ટ્રક હોય કે બસ બધા જ લગભગ અડધો અડધા ડૂબવા લાગ્યા છે.

ખેડૂતો અને સ્થાનિકો મુશ્કેલીમાં મૂકાઈ છે. જૂનાગઢના મેંદરડામાં સવારના ૬ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધીમાં ૧૨.૫૬ ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો છે જેના કારણે આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. માનવીની સાથે સાથે પશુઓ પણ આવા અનરાધાર વરસાદને કારણે તકલીફમાં મૂકાયા છે. જનજીવન અસ્ત વ્યસ્ત થઇ ગયું છે.

ત્યારે બીજી બાજુ જૂનાગઢ જિલ્લાના જ વંથલી અને કેશોદમાં પણ આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. વંથલીમાં પણ છ કલાકના ગાળામાં ૯.૮૦ તો કેશોદમાં પણ ૯.૬૯ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. જ્યારે પોરબંદરની વાત કરીએ તો ત્યાં ચાર કલાકના ગાળામાં ૫.૩૧ ઈંચ વરસાદ ખાબકી ગયો છે. જેના લીધે રોડ અને હાઈવે ઉપર પણ પાણી ફરી વળ્યા છે. લોકોનું જીવન મુશ્કેલીમાં મૂકાઈ ગયું છે. જ્યારે ભાવનગરના મહુવામાં પણ ૫ ઈંચથી વધારે વરસાદને કારણે નદીઓ ગાંડીતૂર બની છે.

સૌથી વધુ વરસાદ જુનાગઢ જિલ્લામાં નોંધાયો છે. જુનાગઢના મેંદરડામાં માત્ર ૬ કલાકમાં ૧૨.૫૫ ઈંચ વરસાદ નોંધાતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. આ ઉપરાંત, જુનાગઢના વંથલીમાં ૯.૮૦ ઈંચ અને કેશોદમાં ૯.૬૯ ઈંચ વરસાદ નોંધાયો છે. અન્ય તાલુકાઓમાં પણ ભારે વરસાદ નોંધાયો છે, જેમાં પોરબંદરના કુતિયાણામાં ૫.૩૧ ઈંચ અને ભાવનગરના મહુવામાં ૫.૩૧ ઈંચ વરસાદનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભરુચ, તાપી અને ડાંગ સહિત ૬ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લામાં પણ ભારે વરસાદની શક્યતા છે, તેથી લોકોને સાવચેત રહેવા જણાવાયું છે.

રાજ્યના અન્ય ૧૭ જિલ્લા જેમ કે કચ્છ, બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, ભરુચ, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર અને નર્મદામાં યલો ઍલર્ટ જાહેર કરાયું છે. આ જિલ્લામાં હળવા કે મધ્યમ વરસાદની સંભાવના છે.ગુજરાતના સૌરાષ્ટ્રમાં આજે મેઘરાજાએ જાણે તાંડવ કર્યું હોય તેમ અનરાધાર બેટિંગ કરી છે. ખાસ કરીને જૂનાગઢમાં. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી દેખાઈ રહ્યું છે.

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં એકસાથે ૫ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં આ આગાહી કરવામાં આવી છે. આજે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી રાજ્યના ૧૩ જિલ્લામાં રેડ ઍલર્ટ અને ૬ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.મેંદરડામાં મુશળધાર વરસાદથી મધુવંતી નદી ગાંડીતૂર બની છે. નદીના ૫ કોઝવે પર ઓવરટોપિંગ થતાં રસ્તા બંધ થઈ ગયા છે. મીઠાપુર અને દાત્રાણા ગામના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાયા છે.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા નદીના સરદાર સરોવર ડેમમાં હાલ ૨૬,૦૧૭૪ એમ.સી.એફ.ટી.જળસંગ્રહ થયો

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા નદીના સરદાર સરોવર ડેમમાં હાલ ૨૬,૦૧૭૪ એમ.સી.એફ.ટી.જળસંગ્રહ થયો છે. સરદાર સરોવર ડેમ હાલ ૭૭.૮૮ ટકા ભરાયો છે. સરદાર સરોવર સિવાયના રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૧૫,૫૩૭ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ થયો છે.જે કુલ સંગ્રહ ક્ષમતાના ૭૪.૪૮ ટકા છે. રાજ્યમાં હાલ ૬૪ ડેમને હાઇ ઍલર્ટ, ૨૯ ડેમને ઍલર્ટ તથા ૨૧ ડેમને ચેતવણી આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ આજે ૨૦ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૭૧ ટકાથી વધુ નોંધાયો છે.

ન્યૂઝ બ્રિફ

અંકલેશ્વરમાં દાન મેળવવાની લાલચે વૃદ્ધાએ રૂ.૧.૬૭ લાખની કિંમતના દાગીના ગુમાવ્યા

। પ્રતિનિધિ, અંકલેશ્વર, તા.૨૦ ।

અંકલેશ્વર ગામ ખાતે દાન અપાવવાની લાલચ આપી વૃદ્ધાએ પહેરેલ રૂ. ૧.૬૭ લાખની કિંમતના સોનાના દાગીના થેલીમાં મુકાવી અજાણ્યા બે ગઠિયા ફરાર થઈ જતા ફરિયાદના આધારે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.અંકલેશ્વર જીઆઈડીસી ખાતે ગણેશ પાર્કમાં રહેતા ૬૫ વર્ષીય હીરાબેન ખરાડે પુત્રીના ઘરે ટ્યુશન ક્લાસીસમાં બાળકોની સાર સંભાળ રાખે છે. ગઈ તા.૧૮ ઓગષ્ટના રોજ તેઓ અંકલેશ્વર જીઆઈડીસી ખાતે પુત્રીના ઘરે બાળકોની સાર સંભાળ માટે ચાલતા જઈ રહ્યા હતા. તે વખતે અવધૂત વિલા સોસાયટીની સામે બે અજાણ્યા શખ્સો તેમની પાસે પહોંચ્યા હતા. તેમણે હીરાબેનને કહ્યું હતું કે, “અમારા શેઠના ઘરે પુત્રનો જન્મ થયો છે અને તેઓ ગરીબ લોકોને દાન આપે છે , અમે તમને દાન અપાવીશું”. તેવું કહેતા હીરાબેન તેમની સાથે ચાલવા લાગ્યા હતા. આ દરમ્યાન તેઓએ હીરાબેન ને કહ્યું હતું કે, “તમે પહેરેલ સોનાના ઘરેણા ઉતારી દો નહીં.

જન્માષ્ટમીની ઉજવણી માટે વતન ગયેલા પરિવારને બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૦ ।

ઝાડેશ્વર ગામ ખાતે જન્માષ્ટમીની ઉજવણી હેતુ વતન ગયેલા પરિવારના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો રૂ.૫.૬૧ લાખ ઉપરાંતની કિંમતના સોના ચાંદીના ઘરેણા ચોરી ફરાર થઈ જતા ભરૂચ સીટી સી ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા તસ્કરોની શોધખોળ હાથ ધરી છે. મૂળ જૂનાગઢના વતની અને હાલ ઝાડેશ્વર ગામ જીએનએફસી ટાઉનશિપ નજીક પટેલ નગર સોસાયટીમાં રહેતા દુર્ગેશભાઈ સાવલિયા દહેજ ખાતે ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. ગઈ તા.૧૦ ઓગષ્ટના રોજ તેઓ પરિવાર સાથે જન્માષ્ટમી પર્વની ઉજવણી માટે વતન જુનાગઢ ગયા હતા. જ્યાંથી તા.૧૭ ઓગષ્ટના રોજ તેઓ પરત ફરતા મકાનના મુખ્ય દરવાજાનું લોક તૂટેલું હોય ઘરમાં સામાન વેરવિખેર હતો. અજાણ્યા તસ્કરો તિજોરીમાંથી રૂ.૫.૪૦ લાખની કિંમતના સોનાના ઘરેણા અને રૂ.૨૧ હજારની કિંમતના ચાંદીના ઘરેણા મળી કુલ રૂ.૫,૬૧,૫૦૨ની કિંમતના સોના ચાંદીના દાગીનાની ચોરી ફરાર થઈ ગયા હોવાનું બહાર આવ્યું હતું.

આવી રીતે ભણશે ગુજરાત ? સુરત પાલિકા સંચાલિત હિન્દી માધ્યમની શાળામાં પુસ્તક મળ્યા નથીનો કકળાટ

પાઠ્યપુસ્તક આવ્યા નથી અને હાલ ત્રીમાસીક પરીક્ષા પણ શરૂ થઈ ગઈ છે તેથી પુસ્તકો અંગ્રેજી અને ગુજરાતી ભાષાની પરીક્ષા પાઠ્ય પુસ્તક વિના જ આપી રહ્યાં છે

। પ્રતિનિધિ, સુરત, તા.૨૦ ।

સુરત પાલિકા સંચાલિત શાળા શરૂ થયાને ત્રણેક મહિનાનો સમય થઈ ગયો છે તેમ છતાં નવી શરૂ થયેલી હિન્દી માધ્યમની ત્રણથી ચાર શાળામાં અંગ્રેજી વિષયના પુસ્તકો મળ્યા નથી. આ પાઠ્યપુસ્તક આવ્યા નથી અને હાલ ત્રીમાસીક પરીક્ષા પણ શરૂ થઈ ગઈ છે તેથી પુસ્તકો અંગ્રેજી અને ગુજરાતી ભાષાની પરીક્ષા પાઠ્ય પુસ્તક વિના જ આપી રહ્યાં છે. સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ

સમિતિના શાસકોએ સત્ર શરૂ થયું અને ગણવેશ અને બુટ મોજા સાથે ભાજપના નેતાઓના ફોટાવાળી નોટબુકનું વિતરણ તો કરી દીધું છે. પરંતુ પાલિકાએ શરૂ કરેલી નવી શાળામાં પાઠ્ય પુસ્તકો હજી સુધી પહોંચાડી શક્યા નથી. પાલિકાએ હાલ નવી હિન્દી માધ્યમની શાળા શરૂ કરી છે અને તેમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે પરંતુ આ ત્રણથી ચાર હિન્દી માધ્યમની શાળા એવી છે કે જેમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાના પુસ્તકો હજી સુધી પહોંચ્યા નથી. જોકે, શાસકો એવી વાત કરે છે કે આ નવી શાળા શરૂ થઈ છે અને તેનો ડેસ્ક નંબર પણ આવ્યો નથી. આ શાળામાં વિદ્યાર્થીઓ અંગેની માહિતી સરકારમાં મોકલી આપવામાં આવી છે. પાઠ્યપુસ્તકો સરકારમાંથી આવતા હોવાથી અઠવાડિયામાં પુસ્તકો મળી જશે તેવી વાત શાસકો કરી રહ્યાં છે. જોકે, શાળા શરૂ થઈ અને ત્રણેક મહિનાનો સમય થઈ ગયો છે અને ચાર જેટલી હિન્દી માધ્યની શાળાના વિદ્યાર્થીઓ પાસે અંગ્રેજી અને ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકો ન હોવાથી તેઓ પુસ્તક વિના જ અભ્યાસ કરવા મજબૂર બન્યા હતા. એટલું જ નહીં પરંતુ એકમ કસોટી ૨૬ થયા બાદ હવે ત્રીમાસીક પરીક્ષા શરૂ કરવામાં આવી છે અને તે શરૂ પણ થઈ ગઈ છે તેથી હવે પુસ્તકોનો અભ્યાસ વિના જ અભ્યાસ તો કર્યો છે.

જામનગરના એસટી ડિવિઝનને સાતમ-આઠમના તહેવારો ફળ્યા

સમગ્ર ગુજરાત રાજ્યના વિશાળ સંખ્યામાં યાત્રિકો દ્વારકામાં જગત મંદિરે દર્શનાર્થે અલગ-અલગ જિલ્લાઓમાંથી અને શહેરોમાં આવાગમન કરી શકે તે માટે જામનગર એસટી વિભાગ દ્વારા એકસ્ટ્રા બસનું સંચાલન કર્યું હતું

જામનગર જિલ્લાના એસટી ડિવિઝનમાં પાંચ દિવસમાં રૂપિયા ૬૭ લાખ જેટલી આવક થઈ

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૦ ।

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જામનગર-દ્વારકામાં જન્માષ્ટમી મહોત્સવને ધ્યાને રાખીને તા.૧૫ થી ૧૭ ઓગષ્ટ સુધી એકસ્ટ્રા બસનું સંચાલન કરવામાં આવ્યું હતું અને મુસાફરો દ્વારકા સહિતના જુદા જુદા શહેરોમાં આવાગમન કરી શકે તેની કાળજી પણ રાખવામાં આવતાં જામનગરના એસટી ડિવિઝનને જન્માષ્ટમીના તહેવારો ફળ્યો છે, અને ૬૭ લાખથી વધુની આવક થઈ છે. સમગ્ર ગુજરાત રાજ્યના વિશાળ સંખ્યામાં યાત્રિકો દ્વારકામાં જગત મંદિરે દર્શનાર્થે અલગ-અલગ જિલ્લાઓમાંથી અને શહેરોમાં આવાગમન કરી શકે તે માટે જામનગર એસટી વિભાગ દ્વારા એકસ્ટ્રા બસનું સંચાલન કર્યું હતું. સમગ્ર ગુજરાત રાજ્યના વિશાળ સંખ્યામાં યાત્રિકો દ્વારકામાં જગત મંદિરે દર્શનાર્થે અલગ-અલગ જિલ્લાઓમાંથી અને શહેરોમાં આવાગમન કરી શકે.

અનેક રૂટની બસનો લાભ લીધો હતો

જેમાં જામનગર ડેપોમાંથી તા.૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ના મુસાફરોનો સારો ઘસારો રહેતા રૂા.૬૭,૫૮,૫૧૧ ની આવક થઈ છે. ખેતી આવી પણ દોડાવામાં આવી હતી. જામનગર અને દ્વારકા ડેપોમાં એક્સ્ટ્રા સંચાલન સહિત એસટી બસમાં મુસાફરોનો ઘસારી રહેવા પામ્યો હતો, અને અનેક રૂટની બસનો લાભ લીધો હતો. આમ જન્માષ્ટમીના તહેવાર દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકોએ મુસાફરી કરી હતી. અને એસટી વિભાગ દ્વારા મુસાફરીને કોઈ મુશકેલી ન પડે તેની પણ ડેપો મેનેજર વરમોરા અને સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. મુસાફરો દ્વારકા સહિતના જુદા જુદા શહેરોમાં આવાગમન કરી શકે તેની કાળજી પણ રાખવામાં આવી.

ગુજરાત હાઇકોર્ટનો અગત્યનો નિર્ણય

વિદ્યાસહાયક ભરતી ૨૦૨૪ : ચાલુ નોકરીએ વધારાની લાયકાત મેળવનાર માટે રૂબરૂ સુનાવણીનું આયોજન

ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન અને સંલગ્ન અરજીના સંદર્ભમાં, ૨૪ જુલાઈ ૨૦૨૫ના ઓર્ડર અનુસાર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા એક વિશેષ સમિતિની રચના કરાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન અને સંલગ્ન અરજી મુદ્દે વર્ષ ૨૦૨૪ની વિદ્યાસહાયક ભરતીમાં અરજી કરનારા ઉમેદવારો માટે એક અગત્યનો નિર્ણય લેવાયો છે. જે ઉમેદવારોએ પોતાની નોકરી ચાલુ હોય તે દરમિયાન નિયમિત અભ્યાસથી વધારાની લાયકાત મેળવી હશે, જેમણે હવે પોતાના ગુણ દૂર કરવા માટે સંમતિ આપી છે, તેમને રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવી રહ્યા છે. ગુજરાત

હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન અને સંલગ્ન અરજીના સંદર્ભમાં, ૨૪ જુલાઈ ૨૦૨૫ના ઓર્ડર અનુસાર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા એક વિશેષ સમિતિની રચના કરાઈ છે. આ સમિતિ દ્વારા જ્ઞાન સહાયક અથવા અન્ય ચાલુ નોકરી દરમિયાન નિયમિત અભ્યાસથી લાયકાત મેળવનાર ઉમેદવારો એ લાયકાતના ગુણ દૂર કરવાની સ્વેચ્છા એ મંજૂરી આપશે. આ સંદર્ભે મંજૂરી આપનાર ઉમેદવારોને કુદરતી ન્યાયના સિદ્ધાંત રૂપે રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવી રહી છે. આ ઉમેદવારોને સાંભળવા માટે ૧૩ ઓગસ્ટથી ૨૧ ઓગસ્ટ સુધીની રૂબરૂ સુનાવણી પ્રક્રિયા ચાલી રહી છે. આ રૂબરૂ સુનાવણીમાં એવા ઉમેદવારોને પણ સાંભળવામાં આવશે.

વડોદરામાં સ્કૂટરની ડિકિમાં દારૂની બોટલો રાખી જાહેરમાં વેચાણ કરતો યુવક ઝડપાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૦ ।

વડોદરાના વીઆઈપી રોડ વિસ્તારમાં સ્કૂટર પાર્ક કરીને દારૂનું વેચાણ કરવામાં આવતું હોવાની વિગતોને પગલે પોલીસે એક ખેપીયાને ઝડપી પાડ્યો હતો. વીઆઈપી રોડ પર સંતોષીનગર પાસે એક બંધ મકાનની બહાર સ્કૂટર ઊભું રાખીને જાહેરમાં દારૂનું વેચાણ કરવામાં આવતું હોવાની માહિતી મળતા હરણી પોલીસે વિનય ઉર્ફે ટાટુ ડાયાભાઈ સોલંકી (સંતોષીનગર,વીઆઈપી રોડ) ને ઝડપી પાડ્યો હતો.પોલીસે સ્કુટર તપાસતા અંદરથી વિદેશી દારૂની રૂ.૬,૦૦૦ ની કિંમતની ૧૨ બોટલ મળી આવી હતી. આ દારૂ કોઈ અજાણ્યો યુવક આપી ગયો હોવાનું રટણ રટી રહેલા વિનયની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

CHANGE OF NAME

It is for general information that I, PRIYANKA VIKRAM APTE alias PRIYANKA ATUL SATHE D/o ATUL VASANT SATHE and Ex-wife of VIKRAM VAMAN APTE, R/o BUNGALOW 3S, SECTOR-1, KALHAAR BUNGLOWS, NANDOLI, GANDHINAGAR, GUJARAT – 382115, declare that I got divorce from my husband vide Court Decree Petition No. 22964/2024 dated 24-01-2025. Further I have changed my name and shall hereafter be known as PRIYANKA SATHE for all future purposes.

CAR WORLD AUTO GARAGE
Karan Panchal +91 9427796859
Mahesh Gajnotar +91 9824699827
Shop No. 1, Radhe Hills, Nr. Rameshwar Transport, Mahemadabad Road, Hathijan, Gujarat-382 445.

પંચમહાલમાં ગામની વસતી કરતાં વધુ લગ્નોની નોંધણીનું કૌભાંડ

૧૮ વર્ષની ઉંમર થઇ હોય તેવી યુવતીઓને ભગાડી જવાની ઘટનાઓમાં ચિંતાજનક હદે વધારો થયો

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૨૦ ।

ગુજરાતમાં નાની વયની યુવતીઓને ભગાડી જવાનું સુવ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું છે. ૧૮ વર્ષની ઉંમર થઈ હોય તેવી યુવતીઓને ભગાડી જવાની ઘટનાઓમાં ચિંતાજનક હદે વધારો થયો છે. આવા ગંભીર મુદ્દાને લઈને આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મુખ્યમંત્રીને મળી એવી રજૂઆત કરી કે, ગુજરાતમાં લગ્ન નોંધણીનું ય કૌભાડ ચાલી રહ્યુ છે. પંચમહાલ જિલ્લામાં એક ગામમાં ગામની વસ્તી કરતાં ય લગ્ન નોંધણી વધુ થઈ છે. આ કેવી રીતે શક્ય બને. ગુજરાતમાં ઘણીવાર એવું બની રહ્યું છે કે દીકરી ૧૮ વર્ષની થતાની સાથે જ થોડા દિવસો કે મહિનામાં તેને કોઈ ભગાડી જાય છે, જે બધાય સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. તે વાતનો ઉલ્લેખ કરતાં આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મુખ્યમંત્રીને એવી રજૂઆત કરી કે, આજે મોટા ભાગના સમાજમાં દીકરીના લગ્ન ૨૧-૨૨ વર્ષની ઉંમર પછી જ કરવામાં આવે છે. લોકજાગૃતિને લીધે ૧૮ વર્ષની ઉંમરે દીકરીઓના લગ્ન કરાવાતા નથી. પરંતુ સરકારના નિયમોમાં કોઈ પ્રગતિ થઈ નથી.

સાબરકાંઠાની દીકરીને ફસાવી લઇ જવાઇ ત્યારે અમરેલીમાં એક તલાટીએ પૈસા લઈ લગ્નની નોંધણી કરાવી દીધી

હાલની સ્થિતિને જોતાં સરકારે દીકરીઓની લગ્નની કાનૂની ઉંમર ૨૧ વર્ષ સુધી વધારવી જોઈએ. સાથે સાથે દીકરીના રહેઠાણના પુરાવા પ્રમાણે તે જ ગામમાં જ લગ્નની નોંધણી થાય એવો નિયમ-કાયદો ઘડવો જરૂરી છે. રાજ્યમાં લગ્ન નોધણી કૌભાડ ચાલી રહ્યું છે તેવો આક્ષેપ કરતાં એવી ય રજૂઆત કરવામાં આવીકે, અનેક ગામડામાં શંકાસ્પદ લગ્ન નોધણી થઈ રહી છે. જેમકે, સાબરકાંઠાની દીકરીને ફસાવી લઇ જવાઇ ત્યારે અમરેલીમાં એક તલાટીએ પૈસા લઈ લગ્નની નોંધણી કરાવી દીધી. ચોંકાવનારી વાત તો એ છેકે, એક તલાટીએ તો ૧૮૦૦ જેટલી લગ્નની નોંધણી કરી છે. પંચમહાલના એક ગામમાં ગામની કુલ વસ્તી કરતાં વધુ લગ્ન નોંધાયા છે આમ, લગ્ન નોધણીનું કૌભાંડ ચાલી રહ્યુ છે.નાની વયની દીકરીઓને ભગાડીને લઈ જવાનું એક ખૌફનાક ષડયંત્ર ચાલી રહ્યું છે ત્યારે રાજ્ય સરકારે કડક કાયદાકીય પગલાં લેવાની જરૂર છે.

Printer, Publisher & Owner : Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya